ગુજરાત સમાચાર
30 ઓક્ટોબર 2026, શુક્રવાર
ચિત્રલોક

AIના દુરુપયોગે જ્હાન્વી કપૂરના રુંવે રુંવે આગ લગાડી

અભિનેત્રી જાહ્નવી કપૂરના અત્યંત લોકપ્રિય બનેલા ગીત 'ચુટ્ટમલ્લે...'ને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી અશોભનીય રીતે એડિટ કરીને તેનો ડીપફેક વીડિયો વાઈરલ કરવામાં આવતાં અદાકારા ક્રોધથી રાતીપીળી થઈ ગઈ હતી. આ વીડિયોની આકરા શબ્દોમાં નિંદા કરતાં જાહ્નવીએ તેને અત્યંત આપત્તિજનક ગણાવ્યો હતો. તેણે આક્રોશપૂર્વક કહ્યું કે કેટલાક અસામાજિક તત્વો અદ્યતન ટેક્નોલોજીનો ઘૃણાસ્પદ દુરુપયોગ કરીને મહિલાઓને માત્ર એક ઉપભોગની વસ્તુ તરીકે રજૂ કરી રહ્યા છે.

આ વીડિયોમાં ગીતની મૂળ અદાઓને વિકૃત કરીને અત્યંત અશ્લીલ પોઝિશન્સમાં રજૂ કરવામાં આવી હતી. વાસ્તવમાં આમાંની એકપણ અશ્લીલ છબિ સંબંધિત ગીત કે તેના મૂળ વિઝ્યુઅલ્સમાં નહોતી. જાહ્નવીએ પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ હરકતની આકરી ઝાટકણી કાઢતાં લખ્યું હતું કે, 'મહિલાઓને વસ્તુની જેમ રજૂ કરવી અને તેમની સંમતિ વિના મનફાવે તેવી વિકૃત તસવીરો-વીડિયો બનાવીને વાઈરલ કરવાં એ ટેકનોલોજીનો ગુનાઈત દુરુપયોગ અને કાયદાનું સરેઆમ ઉલ્લંઘન છે. આવી નીચ હરકત જે તે મહિલાને પોતાની સાથે સીધો જાતીય દુર્વ્યવહાર થયો હોય તેવો તીવ્ર માનસિક આઘાત અને પીડા આપે છે. આવું માત્ર મારી સાથે જ નથી બન્યું, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લગભગ તમામ મહિલાઓએ સીધી કે આડકતરી રીતે ક્યારેક ને ક્યારેક આ પ્રકારની હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. વાસ્તવમાં આજે વિશ્વભરની સ્ત્રીઓ ખૂબ ઝડપથી આ ડિજિટલ બદીનો ભોગ બની રહી છે.'

પોતાના સંવેદનશીલ સંદેશામાં અદાકારાએ વધુમાં લખ્યું હતું કે, 'લોકોને એ મૂળભૂત વાત કેમ સમજાતી નથી કે સ્ત્રીની સંમતિ સર્વોપરી છે? જો કોઈ સ્ત્રી અગાઉ બે-ચાર વખત કોઈ વાત માટે 'હા' પાડ્યા પછી એકવાર 'ના' પાડે, તો તેની એ 'ના'નું પણ પૂરેપૂરું સન્માન થવું જ જોઈએ. જો કોઈ યુવતીને મિની સ્કર્ટ પહેરવામાં કમ્ફર્ટેબલ લાગતું હોય અને તે ટૂંકાં વસ્ત્રો પહેરે, તો એનો અર્થ એવો ક્યારેય નથી થતો કે કોઈને તેનાં વસ્ત્રો નીચે કેમેરો લગાવીને તેની અશોભનીય તસવીરો પાડવાની છૂટ મળી જાય છે. સ્ત્રીએ કેવાં કપડાં પહેરવાં અને તેને કેવાં વસ્ત્રો આરામદાયક લાગે છે તે નક્કી કરવાનો અધિકાર માત્ર ને માત્ર તેનો પોતાનો છે. આ સાદી વાત સમજવી શું આટલી મુશ્કેલ છે? અન્યોની અંગત સીમારેખાઓનું ઉલ્લંઘન કરવાની વિકૃત માનસિકતા બદલવાની સમાજમાં આજે તાતી જરૂર છે.'

ઉલ્લેખનીય છે કે જાહ્નવી સાથે બનેલી આ અનુચિત ઘટના બાદ દક્ષિણ ભારતના લોકપ્રિય સુપરસ્ટાર અને તેની ફિલ્મ 'દેવરા'ના સહ-કલાકાર જુનિયર એનટીઆરે પણ આ કૃત્યનો કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે આવા પ્રકારની વિકૃતિઓ સ્ત્રીઓને સતત ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર કરે છે અને તેમના વિકાસમાં અડચણો ઊભી કરે છે. જાહ્નવીએ જાહેરમાં પોતાની પડખે ઊભા રહેવા બદલ જુનિયર એનટીઆરનો આભાર માનતાં કહ્યું હતું કે આ મામલે તેમનો કોઈ અંગત સ્વાર્થ નહોતો, છતાં તેમણે એક સહકલાકાર તરીકે અવાજ ઉઠાવ્યો. તેઓ એક બહોળો પ્રભાવ ધરાવતા લોકપ્રિય અભિનેતા હોવાથી તેમની વાતનું વજન પડે છે અને સમાજ પર તેની ઊંડી સકારાત્મક અસર થશે.

જાહ્નવીએ ઉપાડેલો મુદ્દો સો ટકા સાચો છે. એની વાત નીચે તમામ અભિનેત્રીઓ અને સેલિબ્રિટીઓ વગર કહ્યે સહી કરી આપે છે તે કહેવાની જરૂર ખરી? ■

'મહિલાઓને વસ્તુની જેમ રજૂ કરવી, તેમની સહમતી વિના તેમના મનફાવે તેવા ફોટા બનાવીને વાઈરલ કરવા એ ટેક્નોલોજીનો ગુનાઈત ઉપયોગ અને કાયદાનું સરેઆમ ઉલ્લંઘન છે.'

ઉપરાઉપરી ત્રણ ફ્લોપ બાદ મૃણાલે કોઈ નવી મૂવી સાઈન કરી નથી

મૃણાલ ઠાકુરની વર્ષ ૨૦૨૬માં ત્રણ ફિલ્મો 'દો દીવાને શહેર મેં', 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' અને 'ડેકોઈટ: અ લવસ્ટોરી' થિયેટરોમાં રજૂ થઈ. કમનસીબે, આ ત્રણેય ફિલ્મોનો બોક્સ ઓફિસ પર કરુણ રકાસ થયો. જોકે, તાજેતરમાં તેની ચોથી મૂવી 'પૂજા મેરી જાન' ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ થઈ, જેમાં તેના અભિનયની ખૂબ પ્રશંસા થઈ.

પોતાની ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ ન થઈ હોવા છતાં મૃણાલ સ્પષ્ટ કરે છે, 'તેનો અર્થ એવો નથી કે તેને નવી ઓફર્સ મળતી નથી. મને અનેક પ્રોજેક્ટ્સની ઓફરો મળે છે, પરંતુ તેની પટકથા મને અંદરથી અપીલ કરતી નથી. આથી મેં થોડો સમય કામમાંથી બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે. હું મારી જાતને એવી સ્થિતિમાં મૂકવા નથી માંગતી જ્યાં મારા મનમાં સતત એવો પ્રશ્ન ઘુમરાયા કરે કે હું દરરોજ સેટ પર શા માટે પહોંચી જાઉં છું.'

પત્રકારોએ પૃચ્છા કરી કે, મેડમ, આજકાલ બિગ બજેટ એક્શન જોનરનું ચલણ હોવાથી તમે નવું કામ હાથમાં નથી લઈ રહ્યાં? તેનો જવાબ આપતાં મૃણાલ કહે છે, 'જુઓ, એક મૂવીના શૂટિંગ માટે લગભગ ૧૨૦ દિવસ સેટ પર વિતાવવા પડે છે. એટલે મારો સભાન પ્રયાસ એવો છે કે દર્શકોના પ્રેમ ઉપરાંત મને ક્રિએટિવ સંતોષ મળે તેવી જ ફિલ્મો સાઈન કરું. હું કામ પ્રત્યે મનમાં અસંતોષ રાખીને રાત્રે પથારીમાં પડખાં ઘસવા નથી ઈચ્છતી. હું એટલું ગુણવત્તાસભર કામ કરવા માગું છું કે આજથી 30 વર્ષ પછી પણ સિનેપ્રેમીઓ મને યાદ કરે.' છેલ્લાં લગભગ બે વર્ષથી એવી અટકળો ચાલી રહી છે કે મૃણાલ ઠાકુર ડિરેક્ટર એટલીની અલ્લુ અર્જુન સ્ટારર સાયન્સ-ફિક્શન થ્રિલર 'રાકા'ની સ્ટારકાસ્ટમાં સામેલ છે. મૃણાલે આ અંગે અત્યાર સુધી મૌન સેવ્યું હતું. હવે તમામ તર્કવિતર્કોને વિરામ આપતાં તેણે જણાવ્યું છે કે, 'મેં છેલ્લા નવ મહિનામાં એક પણ નવી ફિલ્મ સાઈન કરી નથી. હકીકતમાં હું કોઈ અર્થપૂર્ણ ભૂમિકાની રાહ જોઈ રહી છું. હવે પછી મારે મારી કારકિર્દી સંબંધી કોઈ પણ સત્તાવાર જાહેરાત કરવી હશે, તો તે હું સીધી મારા સોશિયલ મીડિયા હેન્ડલ પરથી જ કરીશ.' ■

'મારી ફિલ્મો હિટ નથી થઈ એટલે એનો અર્થ એવો નથી કે મને ઓફર્સ નથી મળતી. મને અનેક પ્રોજેક્ટ્સની ઓફર મળે જ છે. પણ એમની સ્ટોરીઝ મને અપીલ નથી કરતી. એટલે થોડા સમય બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે.'

મનોજ વાજપેઈને ગમે આમ આદમી બની રહેવું

વિશ્વમાં વસતા કોઈપણ સામાન્ય માનવીનું મન વાસ્તવમાં અસામાન્ય જ હોય છે. બહારથી શાંત, સરળ અને સમજદાર દેખાતા આમ આદમીની ભીતર કાયમ એક પ્રકારનો સંઘર્ષ, ચિંતા અને અવઢવનું વાવાઝોડું ફૂંકાતું રહે છે. ૭૦ એમએમના રૂપેરી પડદા પર આવા સામાન્ય માણસની મનોવ્યથાને રજૂ કરવામાં માહિર ગણતરીના કલાકારોમાં અભિનેતા મનોજ વાજપેયીનું નામ મોખરે આવે છે.

થોડા સમય પહેલાં રજૂ થયેલી ફિલ્મ 'લાસ્ટ મેન ઈન ટાવર'માં પણ મનોજ વાજપેયી એક સામાન્ય નાગરિકના કિરદારમાં જોવા મળ્યો હતો. વાસ્તવમાં મનોજે અસાધારણ પરિસ્થિતિઓમાં અટવાયેલા સામાન્ય માનવીના કિરદારો પર પસંદગીની મહોર મારી, ત્યારથી આ પ્રકારનાં સંવેદનશીલ પાત્રોને પડદા પર જીવંત કરવાનું તેનું કૌશલ્ય ફિલ્મ સર્જકોની નજરમાં વસી ગયું. મનોજ કહે છે, 'જૂના-નવા તમામ દિગ્દર્શકોએ મારા પર ભરોસો મૂકીને મને એવાં પાત્રો ઓફર કર્યાં જેમાં માનવીય મનની જટિલતાઓ ઉજાગર કરવાની હોય. તેમને કદાચ મારામાં એવું કંઈક દેખાયું હશે એટલે જ મને આવા કિરદારો ભજવવાની તકો મળતી રહે છે. મને પણ સામાન્ય માણસની ભીતર વલોવાતી ભાવનાઓને અભિનય દ્વારા સપાટી પર લાવવાનું ગમે છે. આમ છતાં એક વાત ચોક્કસ છે કે જ્યારે તમે આવું ગંભીર પાત્ર ભજવતા હો ત્યારે તમારો મૂળભૂત સ્વભાવ હંગામી 'ધોરણે બદલાઈ જાય છે. તે કિરદારની અસર તમારા વાસ્તવિક જીવન પર પણ પડે છેત એ પાત્ર તમારા મનોજગત પર કબજો જમાવી લે છે અને શૂટિંગ પૂરું થયા પછી સભાન પ્રયત્ન કરીને તેમાંથી બહાર આવવું પડે છે.'

'આજે કઈ ફિલ્મ ચાલશે તેનો સચોટ અંદાજ કોઈ લગાવી શકતું નથી. આવી અનિશ્ચિત સ્થિતિમાં માત્ર સ્ટાર્સના ચહેરા પર કરોડોનો જુગાર ખેલાય છે, જેના કારણે ફિલ્મની મૂળ વાર્તા ક્યારેક પાછળ ધકેલાઈ જાય છે.'

મનોજને આવાં સંઘર્ષપૂર્ણ કિરદારો ગમે છે તેનું એક કારણ એ પણ છે કે તેણે અંગત જીવનમાં ભારે સંઘર્ષ જોયો છે. મુંબઈ આવ્યા પછી તે એક જ નાનકડા ઓરડામાં અન્ય પાંચ જણા સાથે રહ્યો હતો - લારી-ગલ્લા પર મળતો સસ્તો ખોરાક તેનો રોજિંદો આહાર હતો અને ક્યારેક તો એ પણ મળશે કે કેમ તેવી કટોકટી તેણે વેઠી છે. આ કપરા સંજોગો વચ્ચે અભિનય ક્ષેત્રે ટકી રહેવાના તેના અદમ્ય જુસ્સાએ જ તેને આજના સર્વોચ્ચ મુકામે પહોંચાડ્યો છે.

આજદિન સુધી ૧૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા આ અભિનેતાને કોઈ ફિલ્મ સફળ થાય તેનો અતિરેક હરખ કે નિષ્ફળ જાય તેનો રંજ નથી હોતો. તે કહે છે કે ઈન્ડસ્ટ્રીમાં એવો કોઈ સમય નથી રહ્યો જ્યારે ફિલ્મો ફ્લોપ ન ગઈ હોય. કોઈ પણ ફિલ્મ સર્જક નબળી ફિલ્મ બનાવવા નથી માંગતો, પરંતુ જ્યારે સર્જક અને કલાકારોનું કન્વિક્શન પડદા પર યોગ્ય રીતે વ્યક્ત ન થાય ત્યારે ફિલ્મ ઊંધા માથે પટકાય છે.

બોલિવુડનું છેલ્લાં કેટલાંક વર્ષોનું ખુલ્લું રહસ્ય એટલે ટોચના સ્ટાર્સનું જંગી મહેનતાણું અને ફિલ્મના નફામાં મોટો હિસ્સો. આ મુદ્દે મનોજ વાજપેયી કહે છે, 'સ્ટાર્સે પોતાના મહેનતાણા સાથે ફિલ્મના નફાને જોડી દીધો છે, પરંતુ તેમાં નુકસાનનું જોખમ પણ રહેલું છે. આજે બોક્સ ઓફિસ પર કોઈ ફિલ્મ ચાલશે કે કેમ તેનો સચોટ અંદાજ મોટા મોટા વિશ્લેષકો પણ લગાવી શકતા નથી. આવી અનિશ્ચિત સ્થિતિમાં માત્ર સ્ટાર્સના ચહેરા પર કરોડોનો જુગાર ખેલાય છે, જેના કારણે મૂળ વાર્તા પાછળ ધકેલાઈ જાય છે. સિનેમામાં આ વલણના કેવાં માઠાં પરિણામો આવે છે તેનાથી આજના જાગૃત દર્શકો સહેજેય અજાણ નથી.' ■



સેલેના ગોમેઝ: ગ્લેમર, અભિનય અને મેન્ટલ હેલ્થ

લોસ એન્જલસના આઈકોનિક પેલેડિયમ ખાતે આયોજિત વાર્ષિક 'રેર ઈમ્પેક્ટ ફંડ બેનિફિટ ગાલા'માં સેલેના ગોમેઝે પોતાના ક્લાસિક વિન્ટેજ લૂક અને આકર્ષક અંદાજ સાથે રેડ કાર્પેટ પર 'ધૂમ મચાવી દીધી. આ ભવ્ય સાંજે યુવા માનસિક સ્વાસ્થ્ય માટે કરોડો ડોલરનું ભંડોળ એકત્ર કર્યું, જ્યાં હોલિવુડ અને પોપ જગતના દિગ્ગજો એક છત નીચે એકઠા થયા હતા.

સેલેના માત્ર ગ્લેમર પૂરતી સીમિત નથી, અભિનય ક્ષેત્રે પણ તે સતત આગળ વધી રહી છે. સ્ટિવ માર્ટિન અને માર્ટિન શોર્ટ સાથેની હિટ મિસ્ટરી સિરીઝ ઉપરાંત, તે સુપ્રસિદ્ધ ગાયિકા લિન્ડા રોનસ્ટેડની આગામી બાયોપિક માટે તૈયારી કરી રહી છે. છેલ્લે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં તેની સંગીતમય ક્રાઈમ-કોમેડી 'એમિલિયા પેરેઝ' માટે તેને સંયુક્ત રીતે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો, જેણે ગંભીર સિનેમામાં તેની અભિનયક્ષમતા સાબિત કરી છે.

Hollywood CORNER

પડદા ઉપરાંત બિઝનેસ જગતમાં પણ તેની બ્યુટી બ્રાન્ડ 'રેર બ્યુટી'એ તરંગો સર્જ્યા છે. સોશિયલ મીડિયા પર કરોડો ફોલોઅર્સ ધરાવતી સેલેના આટલી પ્રચંડ લોકપ્રિયતા વચ્ચે પણ પોતાની સાદગી અને સતત સામાજિક બદલાવ લાવવાના પ્રયાસોને લીધે મજબૂત ગ્લોબલ સુપરસ્ટાર તરીકે ઊભરી આવી છે.■

માઈલી સાયરસ: મને કોઈ હલાવી શકે તેમ નથી...

હોલિવુડની પ્રખ્યાત ગાયિકા અને અભિનેત્રી માઈલી સાયરસ પોતાના બિન્દાસ અંદાજને કારણે ફરી ચર્ચામાં છે. લોસ એન્જલસ ખાતે યોજાયેલા તેના કમબેક કન્સર્ટ બાદ કેટલાક વાયરલ વીડિયોમાં તેના પર્ફોર્મન્સ પર સવાલો ઉઠાવાયા હતા. આ નકારાત્મકતાનો જડબાતોડ જવાબ આપતાં રવિવારના શોમાં માઈલીએ સ્ટેજ પરથી જ નારાજગી વ્યક્ત કરી અને તેને માત્ર ક્લિકબેટ તથા સસ્તી પ્રસિદ્ધિ મેળવવાનો પેંતરો ગણાવ્યો.

પોતાના સમર્પણ પર સવાલ ઉઠાવનારાઓને સ્પષ્ટ શબ્દોમાં સંબોધતા માઈલીએ કહ્યું કે હું મારા દરેક કામમાં સો ટકા પ્રામાણિક રહું છું. ચાર વર્ષના લાંબા વિરામ બાદ સ્ટેજ પર પર પાછી ફરેલી આ કલાકારે સ્વીકાર્યું કે કરીઅરના દરેક મોટા મુકામે વિવાદો ઊભા થયા જ છે. જોકે, અગાઉ જે જીવન તે કઠોરતાથી જીવતી હતી, હવે તેમાંથી બહાર આવીને મુક્ત મને અને આનંદપૂર્વક જીવવું એ જ મારી ખરી ઓળખ બની ગઈ છે.

બાળપણમાં 'હેના મોન્ટાના'થી શરૂઆત કરનાર માઈલીએ ગ્રેમી વિજેતા ગીત 'ફ્લાવર્સ' અને સુપરહિટ આલ્બમ 'એન્ડલેસ સમર વેકેશન' દ્વારા પોતાની સ્વતંત્ર ઓળખ બનાવી છે. આ કોન્સર્ટ સાબિત કરે છે કે કોઈપણ પ્રકારની અફવા કે ટીકા તેને પોતાના સંગીત અને કલા પ્રત્યેના લગાવથી ડગાવી શકે તેમ નથી.■

પૂર્ણિમા તિવારીનો ભક્તિભાવ: 'હનુમાન અંશ'માં મારી જાતને રેડી દીધી હતી

હનુમાન અંશ ફિલ્મની લોકપ્રિયતાએ આખા ભારતમાં આશ્ચર્ય સર્જ્યું છે. હનુમાન અંશ ફિલ્મમાં બોલીવુડનું એક પણ મોટું માથું કે નામ નથી. બોલીવુડની ફિલ્મની જેમ હનુમાન અંશ ફિલ્મનો કોઇ જ જબરો પ્રચાર પણ નથી થયો. આમ છતાં આ ફિલ્મે એમ કહો કે બોક્સ ઓફિસ પર રીતસર ટંકશાળ પાડી છે. છેલ્લા સમાચાર મુજબ હનુમાન અંશ ફિલ્મે ૩૦૦ કરોડની જબરી કમાણી કરી છે.

> મજાની વાત એ છે કે 'હનુમાન અંશ' ફિલ્મની હિરોઈન પૂર્ણિમા તિવારીએ તેના પાત્ર માટે રાતી પાઈ પણ નથી લીધી. ફિલ્મમાં પૂર્ણિમા તિવારીએ નીમ કરોલી બાબાનાં ધર્મપત્નીની ભૂમિકા ભજવી છે.

વિશાલ ચતુર્વેદીના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ હનુમાન અંશનું બીજું આશ્ચર્ય તો એ છે કે આ ફિલ્મની હીરોઈન પૂર્ણિમા તિવારીએ તેના પાત્ર માટે રાતી પાઇ પણ નથી લીધી. ફિલ્મમાં પૂર્ણિમા તિવારીએ નીમ કરોલી બાબાનાં ધર્મપત્નીની ભૂમિકા ભજવી છે. આખી ફિલ્મ નીમ કરોલી નામના પરમ પવિત્ર સંત નીમ કરોલી બાબાના જીવન પર આધારિત છે. ફોડ પાડીને કેહીએ તો પૂર્ણિમા તિવારીએ આ ફિલ્મમાં સેવાદાન આપ્યું છે. નિર્માતાકે દિગ્દર્શક પાસેથી વળતરરૂપે કોઇ જ રકમ નથી લીધી.

ટેલિવિઝન સિરિયલ ગુમ હૈ કિસી કે પ્યાર મેં (૨૦૨૦) અને ફિલ્મ રાત અકેલી હૈ(૨૦૨૦) ની અભિનેત્રી પૂર્ણિમા તિવારી કહે છે, મેં હનુમાન અંશ ફિલ્મમાં સંત નીમ કરોલી બાબા(જેઓ મહારાજ જી ના નામથી પણ જાણીતા છે) નાં ધર્મપત્ની રામ બેટી દેવીનું પાત્ર ભજવ્યું છે. હું ૨૦૨૪માં નીમ કરોલી બાબાના કૈંચી ધામનાં દર્શને ગઇ હતી. હું ત્યારબાદ દરરોજ સવારે પ્રાર્થના કરું છું.

મને ૨૦૨૫માં હનુમાન અંશ ફિલ્મની કથા -પટકથા મળી ત્યારે મને બેહદ આશ્ચર્ય થયું હતું. ફક્ત એક જ વર્ષમાં બાબાના આટલા બધા આશીર્વાદ મળશે તેવી તો કલ્પના પણ નહોતી. એટલે કે હું નીમ કરોલી બાબાના જ જીવનપર બની રહેલી ફિલ્મનો હિસ્સો બની તે ખરેખર ખુદ બાબાના જ આશીર્વાદ છે. હવે કહો, હું બાબાના જ જીવન પર બની રહેલી ફિલ્મમાં અભિનય કરવા માટે કઇ રીતે પૈસા માગી શકું? ખરું કહું તો મેં આ ફિલ્મમાં મારી સેવા આપી છે. હા, ફિલ્મના નિર્માણ સાથે સંકળાયેલી ટીમે મારા પ્રવાસની, અને રહેવા -ભોજનની વ્યવસ્થા જરૂર કરી છે. બસ, મારે આ ફિલ્મમાં મારું યોગદાન આપવું હતું. પૂર્ણિમા તિવારી કહે છે, મને ફિલ્મની પટકથા મળી ત્યારે બાબાની મૂર્તિ પાસે જઇને મારી જાતને પૂછ્યું હતું, હું આ ફિલ્મમાં મારા પાત્રને ભજવવા અને તેને ન્યાય આપવા માટે લાયક છું ખરી? મારા આશ્ચર્ય વચ્ચે હૃદયમાંથી અવાજ આવ્યો, બેટા, આ તારું કર્મ છે. બસ, તું ફક્ત તારું કર્મ કર.બાકી બધું ઈશ્વરનાં ચરણોમાં અર્પણ કરી દે.

> 'હું ૨૦૨૪માં બાબાના કૈંચી ધામનાં દર્શને ગઇ હતી. ફક્ત એક જ વર્ષમાં મને આવી સુંદર ફિલ્મમાં અભિનયની તક મળી તેને હું મારું સૌભાગ્ય સમજું છું...'

હું ટીવી - ફિલ્મ જગતમાં લગભગ ૧૦ વર્ષથી મારું યોગદાન આપી રહી છું. હનુમાન અંશ ફિલ્મમાં ભૂમિકા ભજવવાની તક મારા માટે ભક્તિભાવ છે.■

મીઝાન જાફરી પોતાની ફેશન સેન્સનો શ્રેય ડેડીને આપે છે

હિન્દી ફિલ્મોના ટોપના સ્ટાર બનવા માટેની તમામ લાયકાત હોવા છતાં અમુક એકટર્સને ધારી સફળતા નથી મળતી. એમના નસીબનું પાંદડુ હલતુ જ નથી. ૩૧ વરસના મીઝાન જાફરી સાથે આવું જ બન્યું છે. મુંબઈના પોશ વિસ્તાર બાન્દ્રામાં ઉછરેલા મીઝાન પાસે ખાસ્સી ઈમ્પ્રેસિવ પર્સનાલિટી છે. એનો દાદા જગદીપ અને પપ્પા જાવેદ જાફરી પાસેથી એક્ટિંગ વારસામાં મળી છે. છતાં 'મલાલ' (૨૦૧૯) નામની ફિલ્મથી ડેબ્યુ કરનાર સફળતાની ચાતક નજરે વાટ જોઈ રહ્યો છે. મીઝાને ૨૦૨૫માં રિલિઝ થયેલી અંશુલ શર્મા દિગ્દર્શિત કોમેડી રોમાંટિક ફિલ્મ 'દે દે પ્યાર દે-૨'માં અજય દેવગન, આર. માધવન અને રકુલ પ્રીત સિંહ જેવા મોટા સ્ટાર્સના સંગાથમાં પોતાના પરફોર્મન્સની નોંધ લેવડાવી હતી. કમનસીબે ફિલ્મ ચાલી નહિ અને જુનિયર જાફરી ભૂલાઈ ગયો.

હમણાં મીઝાને મીડિયા સાથે એક ઈવેન્ટમાં પોતાની ફેશન સેન્સ વિશે બહુ સહજ વાતો કરી સૌનું ધ્યાન ખેંચ્યું છે. અત્રે નોંધવું ઘટે કે અભિનેતા પોતાની ઓફ્ફ બિટ ફેસન સેન્સ માટે જાણીતો છે. એનો હટ કે પહેરવેશ અવારનવાર લોકો માટે કુતુહલનો વિષય બને છે. મીડિયામાંથી એ વિશે પૂછાતા મીઝાન કહે છે, 'ખરું પૂછો તો મારી સ્ટાઈલ અનુભવ સાથે વિકસી છે. હવે મેં મારી પોતાની એક નોખી ઓળખ મેળવી લીધી છે. મારી પર્સનાલિટીને શું સુટ થાય છે અને શું નથી થતું એ હું જાણુ છું. કયા પ્રકારના પહેરવેશમાં હું જામી જઈશ, કયા પ્રકારના જિન્સ મને સૂટ કરશે અને કયા વસ્ત્રોમાં મારા ફોટોગ્રાફ્સ સરસ આવશે એ બધાની સમજ મેં કેળવી લીધી છે. આ બધી વાતો તમને સમયાંતરે સમજાય છે. રેડ કાર્પેટસમાં પણ તમે ભૂલો કરી બેસો છો. ત્યાર બાદ તમને એવું જ્ઞાન લાદે છે કે તમારું અમુક આઉટફિટ (ડ્રેસ) તમે ધાર્યો હતો એટલો કે મેરામાં જામતો નથી. એમાં તમારા ફોટાં દીપી નથી ઉઠતા.'



> આજે મીઝાનની સ્ટાઈલમાં એક પ્રકારની ઊંડી સમજ વર્તાતી હોય તો એનું એક કારણ છે બાળપણથી ફેશન એનો એક રસનો વિષય રહ્યો છે. એની પહેરવેશની પસંદગી પર ડેડી જાવેદ જાફરીનો સ્પષ્ટ પ્રભાવ છે.

આજે મીઝાનની સ્ટાઈલમાં એક પ્રકારની ઊંડી સમજ વર્તાતી હોય તો એનું એક કારણ છે બાળપણથી ફેશન એનો એક રસનો વિષય રહ્યો છે. પોતાની પહેરવેશની પસંદગી પર ડેડી જાવેદ જાફરીનો પ્રભાવ હોવાનું સ્વીકારતા એક્ટર કહે છે, 'મારામાં કુદરતી રીતે ફેશન પ્રત્યે આકર્ષણ રહ્યું છે અને ક્યારેક અજાણતા જ મારા ડેડી પાસેથી ફેશન સેન્સ મેળવી લેતો હોઉં છું. ડેડીને કાયમ બધાથી જુદા પડે એવા કાબર-ચીતરા વસ્ત્રો પહેરવા ગમતા. એ માટે તેઓ વિદેશથી આઉટફિટ્સની એસેસરીઝ અને ફેબ્રિક લઈ આવતા. હું જોતો કે લોકો ડેડીના આવા ક્રેઝી આઉટફિટ્સના વખાણ કરતા. એ વાત મારામાં ઘર કરી ગઈ. અને મેં પણ ફેશનમાં બધાથી જુદો માર્ગ અપનાવ્યો.'■

ઈશિતા દત્તા શેઠ: અભિનેત્રીએ ઉઘાડયું પ્રસૂતિ પછી પાતળા થવાનું રહસ્ય

તાજેતરમાં આવેલી ફિલ્મ 'દ્રશ્યમ: ધ કન્કલુઝન' અભિનેત્રી ઈશિતા દત્તા માટે તેની કારકિર્દીના પ્રથમ પ્રકરણના સમાપન સમી બની રહી છે. ૧૨ વર્ષ પહેલાં ઈશિતાએ 'દ્રશ્યમ'થી જ હિન્દી ફિલ્મોમાં પોતાની કારકિર્દીનો શુભારંભ કર્યો હતો. તેમાં તેણે 'અંજુ સાલગાંવકર'ની ભૂમિકા ભજવી હતી. અભિનેત્રી કહે છે કે મારી આ સૌપ્રથમ ફિલ્મે જ મને ઓળખ આપી. મહત્ત્વની વાત એ છે કે 'દ્રશ્યમ: ધ કન્કલુઝન'ને જે લોકપ્રિયતા સાંપડી તે અમારા બધા માટે આશ્ચર્યજનક હતી. અમને કલ્પના પણ નહોતી કે દર્શકો કાગડોળે આ સિનેમાની રાહ જોઈ રહ્યાં છે. અલબત્ત, આ ફ્રેન્ચાઈસીની ત્રીજી ફિલ્મ સાથે મારી કારકિર્દીના આ અગત્યના પ્રકરણ પર પડદો પડી ગયો છે. પરંતુ કોઈપણ સારી સ્ટોરીનું યોગ્ય સમાપન હોવું ઘટે.

આ ફ્રેન્ચાઈસી પર ભલે પડદો પાડી દેવામાં આવ્યો હોય, પણ ઈશિતાના ફોનનું ઈનબોક્સ બીજી ઓક્ટોબરે ચોક્કસ પ્રકારના મેસેજથી છલકાતું રહે છે. અભિનેત્રી કહે છે કે દર વર્ષે બીજી ઓક્ટોબરે મારા વિદેશમાં રહેતા મિત્રો મને 'વેન્ટ ટુ સત્સંગ, એટ પાંવભાજી, વોચ્ડ અ મૂવી, ધન ટ્રક બસ.' ડાયલોગ અચૂક મોકલે છે. વાસ્તવમાં 'દ્રશ્યમ'નો આ ડાયલોગ એટલો લોકપ્રિય બન્યો છે કે મારા મિત્રો કવચિત મારો જન્મ દિવસ વિસરી જાય, પરંતુ બીજી ઓક્ટોબરે આ ડાયલોગ મોકલવાનું ક્યારેય નથી ચૂકતાં.

ઈશિતા ભલે મને મનાવવાકહેતી હોય કે સારી સ્ટોરીનું યોગ્ય સમાપન થવું રહ્યું. પરંતુ તેનું મન હજી પણ કચવાઈ રહ્યું છે. અભિનેત્રી કહે છે કે જ્યારે મને કહેવામાં આવ્યું કે આ ફિલ્મ 'દ્રશ્યમ'નું કન્કલુઝન છે ત્યારે મારા મોઢામાંથી નીકળી ગયું હતું કે આ ફ્રેન્ચાઈસીની વધુ એક ફિલ્મ બનાવો તો હું વધુ એક હત્યા કરવા તૈયાર છું.

'દ્રશ્યમ' ઈશિતાની કારકિર્દી સાથે અંગત જીવનમાં પણ ઘણાં સારા સંબંધો લઈને આવી. ફિલ્મમાં તેના પિતાની ભૂમિકા ભજવનાર અભિનેતા અજય દેવગણ અદાકારાના વાસ્તવિક જીવનમાં પણ પિતા સમાન બની ગયો. ઈશિતા કહે છે કે મારા અને અજય દેવગણના પરિવારો વચ્ચે પણ સ્નેહભર્યા સંબંધો બંધાઈ ગયા. મને તેમની સાથે આ ફ્રેન્ચાઈસી ઉપરાંત 'દે દે પ્યાર દે' (૨૦૨૫)માં પણ કામ કરવાની તક મળી. 'દ્રશ્યમ: ધ કન્કલુઝન' ઈશિતા માટે જેટલી ખુશી લઈને આવી એટલું જ ટેન્શન પણ ઢસડી લાવી હતી. અભિનેત્રી કહે છે કે હું 'દે દે પ્યાર દે-૨'નું શૂટિંગ કરી રહી હતી ત્યારે મારી ગર્ભાવસ્થાનો સાતમો મહિનો ચાલતો હતો. તે વખતે જ મને કહેવામાં આવ્યું કે ચાર માસ પછી આપણને 'દ્રશ્યમ: ધ કન્કલુઝન'નું શૂટિંગ કરવાનું છે. સ્વાભાવિક રીતે જ મને સૌથી પહેલો વિચાર એ જ આવ્યો હતો કે પ્રસૂતિ પછી મારું વજન વધી ગયું હશે. આવી સ્થિતિમાં હું અજય દેવગણની પુત્રી જેવી શી રીતે દેખાઈશ? મને તેને માટે પૂરતી તૈયારી કરવી પડશે.

જોકે ઈશિતાની કિસ્મત તેની સાથે હતી. તે પ્રસૂતિ પછી તરત જ આટલી પાતળી શી રીતે થઈ તેનો ખુલાસો અદાકારાએ એક પોડકાસ્ટ દરમિયાન કર્યો હતો. તેણે કહ્યું હતું કે મારી ગર્ભાવસ્થાના છઠ્ઠા મહિનામાં જ મને અચાનક પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યો. મને તરત જ ડોક્ટર પાસે દોડી જવું પડયું. આવું ત્રણેક વખત બન્યું ત્યારે તબીબી તપાસ દરમિયાન મને ગોલબ્લેડરમાં પથરી હોવાનું જણાયું. ગર્ભાવસ્થામાં ન તો મારી સર્જરી થઈ શકે તેમ હતી કે ન ડોક્ટર મને દર્દશામક ગોળી આપી શકતા હતા. છેવટે જ્યારે જ્યારે મને તીવ્ર પીડા થતી ત્યારે ત્યારે મારી પાસે પીડા સહન કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન રહેતો.

અદાકારા વધુમાં કહે છે કે પ્રસૂતિના ૪૦ દિવસ પછી જ આ વ્યાધિ દૂર કરવાનો ઉપાય કરી શકાય એમ હતું. તબીબોએ મારી પુત્રીના જન્મના ૪૦ દિવસ પછી એક શસ્ત્રક્રિયા હાથ ધરીને મારું ગોલબ્લેડર કાઢી નાખ્યું. આ સઘળી પ્રક્રિયા દરમિયાન મારું વજન સાવ જ ઘટી ગયું. મઝાની વાત એ છે કે અનેક લોકો મને પૂછવા લાગ્યાં હતાં કે પ્રસૂતિ પછી આટલી ઝડપથી મેં વજન શી રીતે ઘટાડ્યું. હકીકતમાં મારી વ્યાધિએ મારું વજન ઘટાડી નાખ્યું હતું.■

> 'મને કહેવામાં આવ્યું કે 'દ્રશ્યમ' સિરીઝની આ છેલ્લી ફિલ્મ છે ત્યારે મારા મોઢામાંથી નીકળી ગયું હતું કે આ ફ્રેન્ચાઈઝીની વધુ એક ફિલ્મ બનશે તો એમાં કામ કરવા હું મર્ડર કરવા તૈયાર થઈ જઈશ...'

ચલ દે વહાં... તુઝ કો મિલે પ્યાર જહાં

૧૯

૭૦ના દાયકામાં એક તરફ અમિતાભ બચ્ચનની એંગ્રી યંગ મેનની એક્શન ફિલ્મો તડાફડી બોલાવી રહી હતી, બીજી બાજુ કહેવાતી પેરેલલ ફિલ્મો બની રહી હતી. ત્યારે કેટલાક એવા ફિલ્મ સર્જકો હતા જે પરંપરાગત સામાજિક વાર્તા પરથી એક સરખી

સિને મેજિક
અજિત પોપટ

ટીઅર જર્કર તરીકે ઓળખાતી ફિલ્મો બનાવી રહ્યા હતા. આપણે 'પરખ' ફિલ્મનાં ગીતોનો આસ્વાદ માણ્યો (૨૮-૦૮-૨૬) ત્યારે વાત કરેલી કે એક કરોડપતિ સજ્જન એવી વ્યક્તિને પાંચ લાખ રૂપિયા આપવા માગે છે જે પોતાના ગામનો સર્વાંગી વિકાસ કરવા ઇચ્છતો હોય. આજે એવા ગામ અને એવા લોકો ક્યાં મળે? હવે ૧૯૭૨માં અભિનેતા ફિલ્મ સર્જક આસિત સેન આ વાર્તામાં સહેજ ફેરફાર સાથેની એવી વાર્તા લઇ આવ્યા જેમાં એક કરોડપતિ પોતાની સંપત્તિના લાલચુ સગાંસંબંધીને જોઇને ડઘાઇ જાય છે એટલે પોતાની સંપત્તિ પોતાના વિશ્વાસુ વકીલ પાસે છોડીને એક એવા ગામમાં જઇ ચડે છે, જ્યાં વસતા એક ગરીબ ચિત્રકાર અને કપડાં સીવીને ઘર ચલાવતી યુવતીની રહેણીકરણી અને નિસ્વાર્થ વર્તન જોઇને વિસ્મય અનુભવે છે. આ બંનેને એની સંપત્તિમાં રસ નથી. એ જોઇને પેલો ધનાઢ્ય ત્યાં વસી જાય છે.

યસ, ફિલ્મ હતી 'અન્નદાતા'. શ્રીમંત અંબાપ્રસાદ અન્નદાતા તરીકે ઓળખાય છે કારણ કે એ ગરીબોને ભરપેટ ભોજન કરાવે છે. રસપ્રદ વાત એ છે કે લગભગ સાવ નવોદિત કહેવાય એવાં હીરો હિરોઇન હોવા છતાં અને વાર્તા જાણીતી હોવા છતાં આ ફિલ્મ સારી ચાલી. કમાણી પણ સારી કરી. ચરિત્રનટ તરીકે પ્રસિદ્ધ અભિનેતા ઓમપ્રકાશે કરોડપતિ વ્યક્તિનો રોલ કરેલો. એના વિશ્વાસુ હસમુખા,પારસી વકીલ પેસ્તનજી વસિયતવાલા તરીકે આપણા ગુજરાતી અભિનેતા-કમ-ફિલ્મ સર્જક કૃષ્ણકાંત હતા. મુખ્ય ભૂમિકા પૂણેની ફિલ્મ ઇન્સ્ટીટ્યુટમાંથી સ્નાતક થઇને બહાર પડેલા અનિલ ધવન અને જયા ભાદુડી (આજે જયા બચ્ચન)એ ભજવી હતી. (આમ તો અનિલની આ બીજી ફિલ્મ. પહેલી ફિલ્મ બી. આર. ઇશારાની 'ચેતના' હતી). જયા ભાદુડીની પહેલી ફિલ્મ 'ગુડ્ડી' હતી. સહાયક કલાકારોમાં પોતાની ડાયલોગ ડિલિવરીની આગવી સ્ટાઇલ ધરાવતા કન્હૈયાલાલ અને લીલા મિશ્રા હતાં.

આ ફિલ્મનાં ગીતો યોગેશે રચ્યાં હતાં અને સંગીત સલિલ ચૌધરીનું હતું. અહીં એક વાત યાદ કરવા જેવી છે. જૂની ફિલ્મોનાં યાદગાર ગીતો રજૂ કરતી કેટલીક ક્લબોમાં ઠીક ઠીક આશાસ્પદ કહી શકાય એવા યુવાન કલાકારો વોઇસ ઓફ રફી કે વોઇસ ઓફ લતા તરીકે લોકપ્રિય ગીતો રજૂ કરતાં હોય છે. પણ આ ફિલ્મનું ખુદ લતા મંગેશકરને ગમેલું એક ગીત બહુ ઓછા કાર્યક્રમોમાં સાંભળવા મળે છે. લતાએ આ ગીતના સ્વરાંકન વિશે બોલતાં કહેલું કે આ ગીતની તર્જ થોડી મુશ્કેલ છે. સારો એવો રિયાઝ હોય અને ક્લાસિકલની પાક્કી તાલીમ હોય તો કદાચ કોઇ ગાઇ શકે. ગીતમાં એક પ્રણયઘેલી યુવતીના મનની વાત થઇ છે. એ ગીત આ રહ્યું- 'રાતોં કે સાયે ઘને, જબ બોજ દિલ પર બને, ન તો જલે બાતી, ન હો કોઇ સાથી, ફિર ભી ન ડર અગર બુઝે દિયે, સહર તો હૈ તેરે લિયે...' સહર એટલે પરોઢિયું, સવાર... ગીતમાં એક આશાવાદ પ્રગટ થયો છે. આ ગીત જયા ભાદુડી પર સરસ રીતે ફિલ્માવાયું છે અને ગીતનાં તર્જલય સંગીત રસિકના હૈયા સોંસરવા ઊતરી જાય એવાં છે.

જૂની ફિલ્મોનાં યાદગાર ગીતો રજૂ કરતી કેટલીક ક્લબોમાં ઠીક ઠીક આશાસ્પદ કહી શકાય એવા યુવાન કલાકારો વોઈસ ઓફ રફી કે વોઈસ ઓફ લતા તરીકે લોકપ્રિય ગીતો રજૂ કરતાં હોય છે. પણ 'અન્નદાતા' ફિલ્મનું ખુદ લતા મંગેશકરને ગમેલું એક ગીત બહુ ઓછા કાર્યક્રમોમાં સાંભળવા મળે છે.

સંપત્તિના લાલચુ ગીધડાં જેવાં સ્વજનોને જોઇને અંબાપ્રસાદ પોતાના વફાદાર કૂતરા સાથે શહેર છોડીને નીકળી પડે છે એ ગીત મન્ના ડે અને સબિતા ચેટરજીએ જમાવ્યું છે. 'યહાં અબ ક્યા રહના, કિસી સે ક્યા કહના, ચલ દે વહાં, તુઝ કો મિલે પ્યાર જહાં..., કોઇ નહીં તેરા સાથી, હૈ સાથી સબ ધન કે, સમજે દુઃખ ના તેરે મન કે, મતલબ કે સબ હૈ તેરે યાર યહાં...' ઓમપ્રકાશે ચહેરા પર ગીતના શબ્દોને અનુરૂપ ભાવ પરદા પર જીવંત કર્યા છે. સદા સુહાગિન ભૈરવી રાગિણીનો આધાર લઇને સંગીતકારે અહીં શબ્દોમાં કરુણ ભાવ પ્રગટાવ્યા છે.

લતાના કંઠે ઔર એક વિરહગીતે પરદા પર ગજબની મોહિની પાથરી હતી. 'જિયા લાગે ના તેરે બિના જૈસે પ્રીતમ હાય, ચાંદની બિના રાત ન ભાયે...' આ ગીતમાં જયા ભાદુડીએ કરેલો અભિનય કોઇ પાકટ અભિનેત્રી જેવો રહ્યો. પરદા પર આ ગીત નિહાળતાં લતા અને મદન મોહનનાં ગીતો જેવો પ્રભાવ સર્જાયો હતો.

ઓડિયન્સમાં મહિલાઓ હોય અને વારે વારે આંખના ખૂણા ભીંજવતી હોય એવી કથા ધરાવતી ફિલ્મોમાં અગાઉ મહેમૂદ, જ્હોની વોકર કે અન્ય કોમેડિયન દ્વારા વચ્ચે વચ્ચે ઠોકી બેસાડેલા રમૂજી દ્રશ્યો મૂકી દેવાતા. અહીં જરા જુદો પ્રયોગ આસિત સેને કર્યો છે. ગામડામાં કોઇ ઉત્સવ પ્રસંગે કથક ડાન્સર ગોપીકૃષ્ણ અને મધુમતી ડાન્સ કરતાં હોય એ રીતે એક ગીત ફિલ્માવાયું છે. સ્થાનિક લોકબોલીમાં હોય એવા શબ્દો છે- 'હે મેરી પ્રાણ સજની ચંપાવતી આજા, હાય લેકર ચૈન મેરા, દૂર તુ મુઝ સે ન જા...' બંને મુખ્ય પાત્રો આ ડાન્સ માણી રહ્યાં હોય એવું ફિલ્માંકન છે. આ ગીત ઊપડે છે રાગ પહાડીમાં અને વચ્ચે વચ્ચે અંતરામાં ભૈરવીનાં સ્વરો ગૂંજે છે. ફરી પાછું મુખડા પર આવે ત્યારે રાગ પહાડી પાછો ફરે છે. આ ડ્યુએટ કિશોર કુમાર અને સબિતા ચેટરજીના કંઠમાં છે.

લતાના કંઠે રાતોં કે સાયેમાં વિરહિણી નાયિકાના મનોભાવ રજૂ થયા એ રીતે નાયકના મનોભાવો કિશોર કુમારના કંઠે રજૂ થયા છે. અહીં અમુક શબ્દોના પુનરાવર્તન દ્વારા નાયકના મનની પીડાને સઘન બનાવી છે. 'ગુજર જાયે દિન દિન દિન કી હર પલ ગીન ગીન ગીન, કિસી કી હાય યાદોં મેં, કિસી કી હાય બાતોં મેં, કિસી કી મુલાકાતોં મે, કિસી કી મુલાકાત હો સકતી હૈ, યે સિલસિલે જબ સે ચલે, ખ્વાબ હો ગયે મેરે રંગીન...'

અનિલ ધવનની આ બીજી ફિલ્મ હતી એટલે હજુ કોઇ ચોક્કસ પુરુષ ગાયક એના કંઠ તરીકે પંકાયો નહોતો. એનો લાભ લઇને સલિલદાએ અહીં એક ગીત મૂકેશના કંઠે રજૂ કર્યું છે. નાયક એવો ચિત્રકાર છે જેનાં ચિત્રો હજુ મોં માગી કિંમતે વેચાવાના શરૂ થયા નથી. એ એક પ્રકારની દ્વિધા અનુભવે છે. એ દ્વિધા આ ગીતનો કેન્દ્રવર્તી ભાવ છે. 'નૈન હમારે સાંઝ સકારે, દેખે લાખોં સપને, સચ યે, લેકિન હોંગે યા નહીં, કોઇ જાને ના...' પરદા પર આ ગીતે સરસ પ્રભાવ સર્જ્યો હતો. મૂકેશના ચાહકોએ આ ગીત સંઘર્યું હોઇ શકે બાકી બહુ સંભળાતું નથી. આ ગીતમાં સલિલદાએ રાગ કીરવાણીનો આધાર લીધો છે. જોકે વચ્ચે વચ્ચે પીલુ અને ભૈરવી પણ ડોકિયાં કરે છે. છ માત્રાના દાદરા તાલમાં ગીત સરસ બન્યું છે.

અગાઉ કહ્યું એમ નવોદિત કલાકારો અને જૂની ને જાણીતી કથા હોવા છતાં ફિલ્મ ચાલી હતી અને એના સર્જકને સારી કમાણી કરાવી આપી હતી. સલિલદાના ખાસ કરીને મૂકેશ અને લતાનાં ગાયેલાં ગીતો વખણાયાં હતાં. ■

ડેલનાઝ ઈરાની: કૉમેડી ક્વીનને જાગ્યાં દર્શકોને રડાવવાના ઓરતા

'કલ હો ના હો'ની 'સ્વીટૂ' બબલી અભિનેત્રી ડેલનાઝ ઈરાનીની ઓળખ બની ગઈ છે એમ કહેવું વધારે પડતું નહીં ગણાય. ડેલનાઝનું નામ આવતાં જ લોકોની નજર સમક્ષ 'સ્વીટૂ' આવી જ જાય. આ પાત્રની ડેલનાઝની હાસ્ય-વ્યંગ શૈલીએ દર્શકો પર ભૂસી ન શકાય એવી છાપ છોડી છે. પરંતુ સિક્કાની બીજી બાજુ એ પણ છે કે કેટલીક વખત ચોક્કસ કિરદારની અવર્ણનીય ખ્યાતિ જે તે કલાકારને સંબંધિત છબિમાં જકડી દે છે. આવા રોલ પછી તેને એવા પ્રકારના પાત્રોની જ ઑફરો આવ્યા કરે અને તેને પોતાની અભિનય પ્રતિભાના અન્ય પાસાં દર્શાવવાની તક જ ન મળે. ડેલનાઝ સાથે પણ આવું જ થયું છે. તે કૉમેડી જનરેમાં અટવાઈ ગઈ હોવાથી તેને અન્ય પ્રકારના પાત્રો અદા કરવાના મોકા જ નથી મળ્યાં. પરંતુ આયખાનું અર્ધશતક પૂરું કરી લીધા પછી ડેલનાઝને બ્રહ્મજ્ઞાન લાધ્યું હોય તેમ તે કહે છે કે હવે મને દર્શકો સમક્ષ મારી અભિનય પ્રતિભાના એવા પાસાં રજૂ કરવા છે જે દર્શકોએ અત્યાર સુધી નથી જોયા.

ડેલનાઝે ટીવી પર 'યસ બોસ', 'એક મહલ હો સપનોં કા', 'સોન પરી', 'ક્યા હુઆ તેરા વાદા', 'જમાઈ રાજા' જેવી સંખ્યાબંધ સીરિયલોમાં કામ કર્યું છે. તાજેતરમાં તે વેબ સીરિઝ 'ચુંબક'માં જોવા મળી રહી છે. તેને એ વાતની ખુશી છેકે હવે તેને અન્ય પ્રકારના પાત્રો ભજવવા પણ મળી રહ્યાં છે. જો કે તેને 'સ્વીટૂ/ની લોકપ્રિયતા એટલી જ ગમી પણ રહી છે.તે કહે છે કે પ્રત્યેક કલાકારની કારકિર્દીમાં કોઈક કિરદાર એવું આવે, જે તેની ઓળખ બની જાય. અને એવું પાત્ર આવવું પણ જોઈએ. આજે પણ હું પૉડકાસ્ટ સહિત કોઈપણ માધ્યમને ઈન્ટરવ્યુ આપતી હોઉં છું ત્યારે, એટલે કે બે દશક પછી પણ 'સ્વીટૂ'નો ઉલ્લેખ ન થાય એવું નથી બનતું. તે વધુમાં કહે છે કે હું પોતે 'સ્વીટૂ'ને ઘણી મળતી આવું છું. હું તેના જેવી જ નટખટ અને ખાવા-પીવાની શોખીન છું.

પોતાની વધારે પડતી કૉમેડી ભૂમિકાઓ વિશે અભિનેત્રી કહે છે કે મેં મારી કારકિર્દીનો આરંભ કર્યો ત્યારે હું સરસ કૉમેડી કરી લેતી હતી. ધીમે ધીમે એવી નોબત આવી કે હું કોઈપણ પાત્ર ભજવતી હોઉં, તેમાં મૂળભૂત રીતે વિનોદ ન હોય તોય તેમાં રમૂજ ઉમેરી દેવામાં આવતી. છેવટે મારી છાપ કૉમેડિયન તરીકે એટલી ઘેરી બની ગઈ કે તેમાંથી બહાર આવવાનું કઠિન થઈ પડે. આમ છતાં હું મારી આ ઈમેજની પ્રતિષ્ઠાને અકબંધ રાખીને પરિપક્વ, ગંભીર પાત્રો ભજવવા માગું છું.

અદાકારાને લાગે છે કે સામાન્ય રીતે દર્શકો કૉમેડી કરનારને કલાકાર જ નથી માનતા. તેમને એમ લાગે છે કે ગંભીર કિરદાર અદા કરનાર કલાકારો જ ખરા અર્થમાં અભિનય કરી જાણતાં હોય છે. જ્યારે હકીકતમાં કૉમેડી કરવાનું કામ વધુ મુશ્કેલ છે.

ડેલનાઝ પોતાની રમૂજી છબિમાંથી બહાર આવવા અભિનેતા રાકેશ બેદીનો દાખલો આપે છે. તે કહે છે કે રાકેશ બેદી હમેશાંથી કૉમેડિયન તરીકે જાણીતા હતા. પરંતુ 'ધૂરંધર'ની તેમની ભૂમિકાએ દર્શકોને અનુભૂતિ કરાવી કે તેઓ અન્ય પ્રકારનો અભિનય પણ કરી જાણે છે. હું પણ આવું જ કાંઈક માગું છું. તેમાંય રાકેશ બેદીને 'ધૂરંધર'ના પાત્રમાં જે પ્રશંકા પ્રાપ્ત થઈ છે તે જોયા પછી મને પણ કાંઈક નવું કરી બતાવવાનો પાનો ચડ્યો છે. મને ભરોસો બેઠો છે કે દર્શકો તેમને અન્ય પ્રકારના કિરદારમાં પણ અપનાવી શકે છે.

ડેલનાઝ કૉમેડીમાં અટવાઈ ગઈ હોવાથી તેને અન્ય પ્રકારનાં પાત્રો અદા કરવાનો મોકો જ નથી મળ્યાં. હવે મને દર્શકો સમક્ષ મારી પ્રતિભાનાં એવાં પાસાં રજૂ કરવા છે જે દર્શકોએ અત્યાર સુધી નથી જોયા.'

અભિનેત્રી માને છે કે સોશ્યલ મીડિયા પર નેટિઝનો કોઈપણ કલાકાર વિશે જે મત વ્યક્ત કરે છે તેના પરથી તેને પોતાની ઈમેજ વિશે સારો એવો અંદાજ આવી શકે છે. વળી જ્યારે તમે નેટિઝનો સાથે જોડાઓ ત્યારે તેમને તમારા સાચા સ્વરૂપના, એટલે કે નિર્ધારિત ઈમેજ સિવાયના પાસાંની જાણ પણ થાય છે. આવી સ્થિતિમાં જ્યારે તમે અન્ય પ્રકારના પાત્રો ભજવો ત્યારે તમને ઝટ સ્વીકૃતિ પણ મળે એ વાતમાં બે મત નથી. હું માનું છું કે ચોક્કસ છબિમાં જકડાયેલા કલાકારોને તેમાંથી બહાર નીકળવા, પોતાની અભિનય ક્ષમતાનાં અન્ય પાસાં દર્શાવવાની તક મળશે. તે પોતાનો જ દાખલો આપતાં કહે છે કે હું આજે મારી કારકિર્દીના એવા તબક્કે પહોંચી ગઈ છું જ્યાં મને નિજાનંદ માટે કામ કરવું છે. મને હવે એક જ પ્રકારનું કામ નથી કરવું. મારા માટે હવે સેટ પર જઈને કાંઈક નવું કરી દેખાડવાનો ઉત્સાહ, આરામદાયક વાતાવરણ, સમયસર ચૂકવાતું મહેનતાણું કામ કરવા માટેના મહત્વના પરિબળો બની ગયાં છે. ■

સિંગાપોરના મુરતિયા સાથે મેરેજ કરી ખુશખુશાલ છે જેનિફર વિંગેટ

જેનિફર વિંગેટ ૧૨ વરસે બીજા લગ્ન કરીને ખુશ છે. એક્ટર કરણસિંહ ગ્રોવર સાથે ૨૦૧૨માં મેરેજ કરી બે વરસમાં જ ડિવોર્સ લેનાર એક્ટ્રેસના જીવનનો નવો અધ્યાય શરૂ થયો છે. ૪૧ વરસની ટીવી સિરીયલોની હાઈએસ્ટ પેઈડ એક્ટ્રેસ જેનિફરે સિંગાપોરના ફાયનાન્સ પ્રોફેશનલ અને બિઝનેસમેન વિલિયમ ઈશાનેલ સાથે ૧૬ જુલાઈ, ૨૦૨૬ના બીજા લગ્ન કરી ફરી સંસાર માંડ્યો છે. નવા બિઝનેસ સાહસમાં ઝંપલાવવા ઉપરાંત એણે હવે ટીવી સિરીયલોને બદલે ઓટીટી સિરીઝ પર ફોકસ કરવાનો નિર્ણય લીધો છે.

અત્રે નોંધવું ઘટે કે સપ્ટેમ્બરથી ઓટીટી પર પ્રસારિત થઈ રહેલી વિંગેટની સાયકોલોજિકલ મિસ્ટ્રી થ્રિલર સિરીઝ 'શકઃ ટ્રસ્ટનો વન'ને દર્શકોનો સારો રિસ્પોન્સ મળ્યો છે. એક અપહૃત બાળકની સ્ટોરીમાં પરિણીતી ચોપરાનો લીડ રોલ છે. સિરીઝમાં જેનિફરનું પરફોર્મન્સ વખાણાયું છે. તાજેતરમાં એક ઈવેન્ટમાં મિડીયાએ એક્ટરને એ બદલ અભિનંદન આપતા એણે વિનમ્રપણે એનો સ્વીકાર કરતા કહ્યું, 'પ્રશંસા થેય ત્યારે બહુ સારું



લાગે છે, પણ એક એક્ટરની લાઈફમાં ઉતાર-ચઢાવ આવતા રહે છે.'

૧૯૯૫માં રિલીઝ થયેલી ફિલ્મ 'અકેલે હમ અકેલે તુમ'માં ચાઈલ્ડ એક્ટર તરીકે ડેબ્યુ કરનાર વિંગેટ પબ્લિક લાઈફમાં લગભગ ત્રણ દાયકા વીતાવી ચૂકી છે. એનો ઉલ્લેખ કરતા જેનિફર કહે છે, 'મેં હમેશાં એક સામાન્ય વ્યક્તિ બની રહેવા પ્રયાસ કર્યો છે. 'ટિપિકલ મુંબઈ ગર્લ હોવાથી મને મારા કામ અને અંગત જીવન વચ્ચે બેલેન્સ રાખવું ગમે છે. બને એટલા જમીન પર પગ રાખીને ચાલુ છું, કારણ કે હું આ ઈન્ડસ્ટ્રીનો નેચર જાણું છું.'

જેનિફરે વિલિયમ ઈશામેલ સાથેની પોતાની રિલેશનશીપને એકદમ પ્રાઈવેટ રાખી હતી. જુલાઈમાં યુકેમાં પાર પડેલો વિલિયમ સાથેના એના મેરેજમાં પણ બહુ ગણ્યાગાંઠ્યા મહેમાનોની હાજરી હતી. હા, ત્યાર બાદ એણે ગોવામાં પોતાના ફેમિલી અને ફ્રેન્ડ્સ સાથે લગ્નની શાનદાર ઉજવણી કરી. 'દુનિયાના દરેક ખૂણેથી આવેલા મારા ફેમિલી મેમ્બર્સ અને ફ્રેન્ડ્સની હાજરીને કારણે મારો પ્રસંગ બહુ ઉલ્લાસભર્યો બની રહ્યો. વિલ અને મેં એ બહું એન્જોય કર્યો. મારા માટે તો એ બધુ એક સુંદર સ્વપ્ન સમાન હતું,' એમ અભિનેત્રી પ્રસન્ન વદને કહે છે.

જેનિફરે વિલિયમ ઈશામેલ સાથેની પોતાની રિલેશનશીપને એકદમ ખાનગી રાખી હતી. જુલાઈમાં યુકેમાં યોજાયેલાં લગ્ન સમારોહમાં પણ બહુ ગણ્યાગાંઠ્યા મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

'કસૌટી ઝિન્દગી કી, 'દિલ મિલ ગયે,' 'સરસ્વતીચન્દ્ર', 'બેહદ' અને બેપહના' જેવી લોકપ્રિય સિરીયલોમાં પ્રશંસનીય પરફોર્મન્સ આપીને જેનિફર વિંગેટે પોતાનો એક મોટો ચાહકવર્ગ (ફેન્સ બેઝ ઊભો કર્યો છે. એટલે એણે પોતાના મેરેજ પ્રાઈવેટ રાખ્યા હોવા છતાં ફેન્સે સોશ્યલ મિડીયા પર એને શુભેચ્છાઓ આપવામાં કોઈ કસર નહોતી છોડી. ઈન્ટરનેટ પર અમુક જણે તો ત્યાં સુધીની કમેન્ટ કરી કે જેનિફરના લગ્નના ફોટા જોઈને અમને એવું લાગ્યું જાણે એ અમારા ફેમિલીનો જ પ્રસંગ હોય. આવી કમેન્ટ્સ વાંચી. એક્ટ્રેસ ભાવવિભોર થઈ ગઈ.

જેનિફરે પોતાની વેડિંગ જ્વેલરી જાતે જ ડિઝાઈન કરી હતી. એટલું જ નહીં, એક્ટ્રેસે પોતાની છ બ્રાઈડ્સમેડ્સન ગિફ્ટ આપવા માટેની જ્વેલરી પણ પોતે જ પસંદ કરી હતી. ■

TV TALK

કૃશલ આહુજાને સાદ કરે છે ઓટીટી અને ફિલ્મો

ધારાવાહિક 'ઝનક'થી ઘર ઘરમાં જાણીતો બનેલો અભિનેતા કૃશલ આહુજા હાલના તબક્કે ટીવી પરથી બ્રેક લઈને ઓટીટી તેમ જ ફિલ્મોમાં નસીબ અજમાવવા માગે છે. કૃશાલ કહે છે કે હું હમેશાંથી ફિલ્મો કરવા ઈચ્છતો હતો. મને ૭૦ એમએમના પડદે દેખાવાના ઓરતા હતાં. ટીવી પર આવવાથી પહેલા મેં ચાર એપિસોડની એક વેબ સીરિઝમાં કામ કર્યું હતું. પરંતુ કમનસીબે તે ક્યારેય રજૂ ન થઈ. વાસ્તવમાં તે વખતે દર્શકોમાં વેબ શોઝ પ્રત્યે ખાસ આકર્ષણ નહોતું. પણ છેલ્લા કેટલાંક વર્ષમાં આ માધ્યમે મોખરાનું સ્થાન લઈ લીધું છે અને આ અફાટ આકાશ જેવા ક્ષેત્રમાં હું કિસ્મત અજમાવવા માગું છું. મને ફિલ્મોમાં પણ કામ કરવું છે. જોકે એનો અર્થ એવો નથી કે હું કાયમ માટે ટીવી છોડી રહ્યો છું. મારા મતે કોઈપણ માધ્યમને ક્યારેય કાયમી અલવિદા ન કરવી જોઈએ. હું એ પણ માનું છું કે તમે ટીવી પર એક વખત જામી જાઓ એટલે તમને અહીં સતત કામ મળતું રહે. તમારી નાણાંકીય સ્થિતિ સધ્ધર બનતી રહે. પરંતુ એક કલાકાર તરીકે અન્ય માધ્યમોમાં કામ કરવાના ઓરતા પૂરાં કરવા માગું છું. અને તેને માટે જોખમ લીધે છૂટકો.

પ્રત્યેક પાત્રને ગુરૂ માને છે ચંદન આનંદ



કૌરવો અને પાંડવોના બચપણ તેમ જ કિશોરાવસ્થાની કહાણી દર્શાવતી પૌરાણિક ધારાવાહિક 'હસ્તિનાપુર કે વીર'માં સામાન્ય રીતે અળખામણું ગણાતું 'મહાભારત'નું એક પાત્ર દર્શકોમાં પ્રિય થઈ પડ્યું છે. આ કિરદાર એટલે જેને દુષ્ટબુધ્ધિ કહેવામાં આવે છે તે ગાંધાર નરેશ શકુનિ. અને દર્શકોને આ શોમાં શકુનિ ગમી રહ્યો છે તેનું કારણ છે આ રોલ અદા કરી રહેલો અભિનેતા ચંદન આનંદ. આ અભિનેતા પોતાના પાત્ર પાછળ ખાસ્સી મહેનત કરી રહ્યો છે તે પડદા પર તેને જોતાં જ સ્પષ્ટ થઈ જાય છે. શોમાં શકુનિની બુધ્ધિમત્તા, બારીકાઈપૂર્વકનું અવલોકન, પ્રભાવશાળી વ્યક્તિત્વને જે અદાથી રજૂ કરી રહ્યો છે તે કાબિલે તારીફ છે. વાસ્તવમાં ચંદન હમેશાંથી માનવીના મનના વિવિધ પાસાંને ખોળી કાઢવામાં અને તેને પોતાના પાત્રોમાં બખૂબી રજૂ કરવામાં પાવરધો રહ્યો છે. તેની આ ટેવ 'શકુનિ'ના રોલને જીવંત બનાવવામાં ખપ લાગી છે. અભિનેતા કહે છે કે અત્યાર સુધી મેં ભજવેલી ભૂમિકાઓએ મને અભિનેતા તરીકે માંજ્યો છે. શકુનિનું પાત્ર તેમાંથી બાકાત શી રીતે હોઈ શકે? મેં શકુનિને રજૂ કરવા ખાસ્સી મહેનત કરી છે. શકુનિ માત્ર ચાલાક રણનીતિકાર જ નથી. તે લોકોનું બારીકાઈપૂર્વક નીરિક્ષણ કરે છે, તેમની નબળાઈ શોધી કાઢે છે અને તેમની દુખતી નસ દબાવે છે. તે તેમને પોતાની વાતોમાં લપેટી લઈને પોતાનું ધાર્યું કામ કઢાવી લે છે. તેની વાત કરવાની રીત સામી વ્યક્તિના વિચારો પર સીધી અસર કરે છે. ચંદન કહે છે કે અલગ-અલગ પાત્રો ભજવવાથી પહેલા હું જાણે કે તેમની સાથે ગોઠડી માંડુ છું. તેની વાક્છટા, તેની બોડી લેંગ્વેજ, તેની દ્રષ્ટિને સમજીને તેને અભિનય દ્વારા જડબેસલાક રીતે રજૂ કરવાનો પ્રયાસ કરું છું. ચંદન આનંદ ઉમેરે છે કે તમારું પ્રત્યેક પાત્ર તમારા ગુરુ સમાન ગણાય. તે તમારી અભિનય કળાને નિરંતર નિખારે છે. વળી જટિલ ભૂમિકાઓ ભજવતી વખતે તમે પાત્રની આરપાર જોવાનો પ્રયાસ કરો છો. જ્યારે તમે પાત્રની ભીતર ઘૂસી જઈને તેને પડદા પર લાવવાનો પ્રયાસ કરો છો ત્યારે તેની ખૂબીઓ બારીકાઈપૂર્વક ખોળી કાઢો છો. મેં શકુનિને માત્ર દુષ્ટ રણનીતિકાર કરતાં પોતાની ચીલો ચાતરતીને ચાલતી વિચારસરણી સહિતની વ્યક્તિ તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. દર્શકોને કદાચ આ વાત ગમી ગઈ છે. આ કારણે જ મને શકુનિના પાત્રમાં પણ પસંદ કરવામાં આવી રહ્યો છે.

અભિજીત સાવંતઃ હું માત્ર ૫૦ રૂપિયા માટે મારો કંઠ આપતો

રીઆલિટી શો 'ઇન્ડિયન આઈડલ'ની પહેલી સીઝનના વિજેતા અભિજીત સાવંતે 'ઇન્ડિયન આઈડલ લીજેંડ્સ રિટર્ન'માં વાપસી કરી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિજીતે પોતાનો સંઘર્ષનો સમય સંભારતા કહ્યું હતું કે તેણે પ્રારંભિક તબક્કે નાના નાના કાર્યક્રમો અને પંડાલોમાં ગાયું છે. તે વખતે દર્શકો પાસેથી મળતી નજીવી રકમ, તેમની પ્રશંસા તેને પ્રોત્સાહન આપતાં. તેણે વધુમાં કહ્યું હતું કે પંડાલોમાં ગાતો ત્યારે મને ક્યારેક ક્યારેક ૧૦૦ રૂપિયા મળતાં. અને ક્યારેક કોઈક મારા ખિસ્સામાં ૫૦ રૂપિયા સરકાવી દેતું. તે વખતે તેના મનમાં એમ રહેતું કે એ ૫૦ રૂપિયામાંથી હું કાંઈક ખાઈ શકીશ. મેં મારા જીવનમાં ઘણાં ચડાવ-ઉતાર જોયા છે. પરંતુ મારી હિમ્મતને કારણે ટકી રહ્યો છું. અલબત્ત, મારા પ્રશંસકો જ મારી સૌથી મોટી હિમ્મત બની રહ્યાં છે. તેઓ મને પાનો ચડાવતાં કે હું આગળ વધી શકું તેમ છું. ખરું કહું તો મારા દર્શકો-શ્રોતાઓ જ મારા ખરાં ભગવાન છે. ભલે ભગવાન આપણને પ્રત્યક્ષ નથી દેખાતાં. પરંતુ આ રીતે આપણા જીવનમાં આવે છે. અત્રે ઉલ્લેનીય છે કે અભિજીત સાવંત બે દશક અગાઉ 'ઇન્ડિયન આઈડલ'ની પહેલી સીઝનનો વિજેતા બન્યો હતો.

શહેનાઝ ગિલ: સ્ક્રિપ્ટ પસંદ કરવામાં થયેલી ઉતાવળ મને ભારે પડી ગઈ...



અભિનેત્રી શહેનાઝ ગિલ અત્યારે ઘણી મૂંઝવણ અનુભવી રહી છે, તેને એવું લાગી રહ્યું છે કે તેણે પ્રોજેક્ટ્સની પસંદગીમાં ખોટી ઉતાવળ કરી છે. શહેનાઝ ગિલ જાણે છે કે તેનો બોલીવૂડનો અનુભવ અલગ જ વળાંક લઈ શક્યો હોત, પણ તેવું બન્યું નહીં. 'બિગ બોસ-૧૩'થી તેને મળેલી બેફામ લોકપ્રિયતાએ હિન્દી સિનેમા માટે દરવાજા ખોલ્યા, પરંતુ ત્યાર બાદના વિવિધ પ્રોજેક્ટ્સે તેને તે પ્રકારની ભૂમિકાઓ આપી નહીં જે તે અત્યંત આતુરતાથી શોધતી હતી. આ બાબતે શહેનાઝ ગિલ સ્વીકારે છે કે તેણે ઉતાવળમાં પ્રોજેક્ટ્સ પસંદ કર્યા અને સાથે ઉમેરે છે કે તેણે પસંદગી યુક્ત બનવાનું શીખી લીધું છે. આહી શહેનાઝ ગિલ સાથેની વાતચીતના અંશો પ્રસ્તુત છે.

બોલિવુડમાં મને કદાચ ભાષાનો અવરોધ નડે છે...

શહેનાઝ માને છે કે ભાષા એક કારણે હોઈ શકે છે, જેના કારણે તેનો વધુ હિન્દી ફિલ્મો માટે વધુ સંપર્ક કરવામાં આવ્યો નથી. આ સંદર્ભમાં તે કહે છે, 'મને લાગે છે કે બોલીવૂડમાં મારી વાત આવે ત્યારે ભાષાનો અવરોધ હોય છે, જેના કારણે મને લાગે છે કે નિર્માતાઓ મારો સંપર્ક કરતા નથી, પરંતુ તેમણે ક્યારેય હું જે પ્રકારની અભિનેત્રી છું તે જોઈ નથી. જ્યારે તેઓ તે સમજી જશે ત્યારે મને ખાતરી છે કે વસ્તુઓ બદલાઈ જશે.'

હિન્દી સિનેમામાં દક્ષિણના ઘણા કલાકારોની છાપ છોડવા વિશે વાત કરતાં શહેનાઝ કહે છે, 'શું દક્ષિણના કલાકારોને કોઈ રોકી રહ્યું છે? તેઓ કામ કરી રહ્યા છે. આ બધુ તો ઉગતા સૂરજને સલામ કરવા જેવું છે... જો હમ પંજાબ સે સૂરજ મુંબઈ ચડાયેગે ઔર ઈનકો બતાયેં ગે.'

શહેનાઝે પંજાબી ફિલ્મોમાં પણ કામ કરવાનું ચાલુ રાખ્યું છે, જ્યાં તે નિર્માતા પણ બની છે. તેણે ૨૦૨૫માં રિલિઝ થયેલી 'એક કુડી' ફિલ્મનું નિર્માણ અને તેની અગ્રેસર પણ રહી છે. આટલું જ નહીં, તે તો તાજેતરમાં જ ગિપ્પી ગ્રેવાલ સાથે 'સિંઘ વર્સે કૌર-૨'માં જોવા મળી હતી.

શું તમે તમારી ભૂલોમાંથી શીખો છો?

પોતાની અભિનય કારકિર્દી પર નજર નાખો તો શહેનાઝ ગિલ કહે છે, 'તમે કહી શકો કે મેં શરૂઆતમાં ઉતાવળમાં પ્રોજેક્ટ્સ પસંદ કર્યા હતા. મેં પ્રભાવશાળી ભૂમિકાઓ કરી ન હતી. જો મેં તે કર્યું હોત તો લોકો મને એક અલગ દ્રષ્ટિકોણથી જોતા હોત. મૈંને સ્ક્રિપ્ટ ચુઝ કરને મેં હરી (ઉતાવળ) કરી દી, પણ તમારે તમારી ભૂલોમાંથી શીખવાનું છે, હું હવે વધુ પરિપક્વ થઈ રહી છું.

આ સાથે વધુમાં શહેનાઝ કહે છે, 'ફિલ્મમાં તમારે કંઈક કરવાનું હોવું જોઈએ જો કંઈ ન હોય તો તે અર્થહીન છે દર્શકો તમારા માટે ફિલ્મ જોવા જઈ રહ્યા છે, ખરું ને? તેમણે નિરાશ ન થવું જોઈએ. જો કે, શહેનાઝની પહેલી બોલીવૂડ ફિલ્મ 'કીસી કા ભાઈ કીસી કી જાન'માં તેને સલમાન ખાન સાથે કામ કરવાની તક મળી. જેનો તેને કોઈ અફસોસ તો ન જ હોશ શકે. 'તે એક મજેદાર ફિલ્મ હતી. અને હું તેનો ભાગ બનીને ખુશ હતી. સલમાન સરે મને કહ્યું હતું કે આ ફિલ્મ પછી પ્રભાવશાળી ભૂમિકા ભજવ-તે સારી સલાહ હતી. હવે હું થોડી ઓછી સરળતાથી ઉપલબ્ધ થઈ ગઈ છું, હું ઈચ્છું છું કે લોકો સિનેમા હોલમાં જાય છે, ટિકિટ ખરીદે છે અને મને જુએ છે,' એમ શહેનાઝે જણાવ્યું હતું. ■

ભારત સાથે મારો પૂર્વજન્મનો નાતો છે: ઈરાની અભિનેત્રી અગ્નિ અગ્યારી

નાના બજેટની ફિલ્મ 'હનુમાન અંશ'ને બોક્સ ઓફિસ પર મોટી સફળતા મળી છે. સાથે સાથે આ સિનેમામાં જે કલાકારોની માત્ર ઝલક જોવા મળી હતી તેમને પણ લોકો ઓળખતાં થઈ ગયા છે. મૂળભૂત રીતે ઈરાનની અભિનેત્રી અગ્નિ અગ્યારીની જ વાત કરીએ તો 'હનુમાન અંશના ગીત 'પાર્વતી...'માં તેને એક વાજિંત્ર વગાડતી બતાવવામાં આવી છે એ આ ગીતને યુટ્યૂબ પર અપ્રતિમ સફળતા મળતાં તેમાં દેખાતી અગ્નિ પર પણ લોકોનું ધ્યાન પડ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ફિલ્મના ગીત 'પાર્વતી...' તાજેતરમાં યુટ્યૂબ મ્યુઝિકના સાપ્તાહિક ગીતોની યાદીમાં ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું અને વૈશ્વિક સ્તરે બીજું. આ ગીતને સાધુ તિવારીએ કંઠ આપ્યો છે. જ્યારે અગ્નિને તેમાં એક વાજિંઝ વગાડતી બતાવવામાં આવી છે. પોતાને મળેલા દર્શકોના પ્રેમથી અભિભૂત થયેલા ઈરાનીયન અદાકારા કહે છે કે ભારત સાથે મારો કોઈક પુરાણો સંબંધ છે તેથી જ મને લોકોના અઢળક પ્રેમ મળી રહ્યો છે. તે વધુમાં કહે છે કે મને આ ફિલ્મના ગીતમાં એટલા માટે સ્થાન મળ્યું હતું કે હું કલેપબોક્સ જેવા વાદ્યો વગાડી જાણું છું. ફિલ્મ સર્જકોને 'પાર્વતી...' ગીતમાં કોઈ અભિનેત્રી કરતાં સંગીતકારની જરૂર હતી. અહીં મને મારી સંગીતની તાલીમ કામ આવી. આ ગીતમાં મેં મારી સાડી પહેરી છે. મારી આ કળા પારખીને દિગ્દર્શક વિશાળ ચતુર્વેદી અને ગાયક-સંગીતકાર ઋષિ પાઠકે મને આ ગીતમાં કામ કરવાની કરવાની તક આપી તેની હું હમેશા ઋણી રહીશ.

> 'મારો જન્મ ઈરાનમાં થયો છે. હું મૂળભૂત રીતે પારસી છું અને ઈરાનના તહેરાનમાં ઉછરી છું... પણ ભારતની ભૂમિમાં એવું કંઈક છે, જે મને હમેશાં એની સાથે જોડી રાખે છે.'

અદાકારા ભાવુક બનીને કહે છે કે કંઈક એવું છે જે મને હમેશાંથી ભારત સાથે જોડે છે. કદાચ આ દેશ સાથે મારો પૂર્વજન્મનો નાતો હશે. મારો જન્મ ઈરાનમાં થયો. હું મૂળભૂત રીતે પારસી છું અને ઈરાનના તહેરાનમાં ઉછરી છું. પરંતુ મને ભારતીય ફિલ્મોએ હંમેશા આકર્ષીય છે. મને નાનપણથી 'ઓમ જય જગદીશ હરે....' આરતી અતિપ્રિય રહી છે. મેં આ આરતી ફારસીમાં લખી રાખી હતી. મારી મમ્મીના એક વિદ્યાર્થીએ તેમને મા સરસ્વતીની છબિ ભેટમાં આપી ત્યારથી હું વિદ્યાની આ દેવી સમક્ષ બેસીને 'જય જગદીશ હરે...' ગાતી હતી.

રખે માની લેતાં કે અગ્નિ અગ્યારી હમણાં હમણાં જ ઈરાનથી ભારત આવી છે અને સાડી પહેરીને ભારતીય નારી બની ગઈ છે. વાસ્તવમાં તે છેલ્લાં ચાર વર્ષની આપણા દેશમાં રહે છે. એ વાત સાચી છે કે 'પાર્વતી...' ગીતે તેને અનોખી ઓળખ આપી છે. પણ અગ્નિએ ભારતના અલગ અલગ માધ્યમોમાં કામ કર્યું છે. તેણે ટીવી સીરિયલ 'બડે અચ્છે લગતે હૈં-૩'માં અને સીરિઝ 'શો ટાઈમ'માં અભિનય કર્યો છે. તેણે શાહરૂખ ખાન, કરીના કપૂર અને યામી ગૌતમ જેવા ટોચના કલાકારો સાથે વિજ્ઞાપનો કર્યાં છે. એટલું જ નહીં, અગ્નિએ સંજય લીલા ભણશાળીના નિર્માણ હેઠળ બનેલી ફિલ્મ 'દો દીવાને શહર મેં' તેમજ 'લવ લોટરી'માં મહત્ત્વના કિરદાર અદા કર્યાં છે. અદાકારા કહે છે કે ચાર વર્ષ પહેલાં ભારત આવવાનો મારો નિર્ણય રંગ લાવી રહ્યો છે અને હવે તો મારા માતા-પિતા પણ અહીં મારી પાસે આવી ગયા છે. ■

શાન: સૂરીલી ગાયિકી અને મોહક હાસ્યની જુગલબંદી

હમણાં હિન્દી ફિલ્મ જગતમાં એક વિશિષ્ટ પ્રકારનો પ્રસંગ બન્યો.એમ કહો કે એક ખાસ રેકોર્ડ થયો. ફોડ પાડીને કહીએ તો હિન્દી ફિલ્મ જગતના સૂરીલા અને મોહક હાસ્ય ધરાવતા ગાયક શાને(શાનનું સાચું નામ છે શાંતનુ મુખરજી) ૧૯ વર્ષ બાદ અભિનેતા સૈફ અલી ખાન માટે ગીત ગાયાં છે. હૈવાન ફિલ્મ(૨૦૨૬) માં સૈફ અલી ખાન માટે શાને મેરે હીરો હૈ વો... અને રંગીયારા ... એમ બે ગીત ગાયાં છે. શાન અને સુનિધિ ચૌહાણે આજથી લગભગ ૧૯ વર્ષ પહેલાં એટલે કે ૨૦૦૭માં રજૂ થયેલી તા રા રમ પમ ફિલ્મમાં : હે શોના : ગીત ગાયું છે.

મુંબઈમાં બંગાળી પરિવારમાં જન્મેલો અને જયહિંદ કોલેજમાં ભણેલો શાન ખુશી વ્યક્ત કરતાં કહે છે, મેં આમ તો હિન્દી ફિલ્મ જગતના ઘણા અભિનેતાઓ માટે ગીતો ગાયાં છે. અમુક ગીતો બહુ લોકપ્રિય પણ બન્યાં છે. આમ છતાં મારો અવાજ અમુક અંશે સૈફ અલી ખાન માટે વધુ સારો -અનુકુળ લાગે છે. આમ છતાં મારા બહોળા અનુભવ મુજબ ઋષિ કપૂર એવા અભિનેતા હતા જેમની લીપ -સિન્ક્સિંગ(ફિલ્મના પડદા પર અભિનતા કે અભિનેત્રી તેમના હોઠ હલાવીને ગીત ગાય તે પ્રક્રિયા) સૌથી ઉત્તમ હતી. દર્શકોને એવો અનુભવ થાય કે ઋષિ કપૂર પોતેજ ગાય છે. ગાયક અને અભિનેતાની પડદા પરની જુગલબંદીનું ઉત્તમ ઉદાહરણ કહેવાય. હા, આજની નવી પેઢીના અભિનેતાઓમાં લીપ-સિન્ક્સિંગની સરસ સૂઝ ઋષિ કપૂરના પ્રતિભાશાળી અભિનેતા રણબીર કપૂરમાં છે.

અચ્છા સંગીત નિર્દેશક પિતા માનસ મુખરજી પાસે સંગીતની સૂરીલી સરગમ શીખેલો શાન કહે છે, હમણાં સૈફ અલી ખાનની હૈવાન ફિલ્મ રજૂ થઈ છે.આ ફિલ્મનું સંગીત પ્રીતમ દા એ તૈયાર કર્યું છે. પ્રીતમ દા એ સૈફ માટે મને બે મજેદાર ગીત ગાવાની તક આપી છે. એમ ગીત છે : મેરે હીરો હે વો : અને બીજું છે : રંગીયારા :

રંગીયારા ગીતમાં તો મારી સાથે સુખવિન્દર સિંહ અને રોમી પણ છે. ખરું કહું તો સુખવિન્દર સિંહ તો બહુ આલા દરજ્જાના ગાયક છે. તેમના કંઠમાં બુલંદી અને મધુરતા બંને છે. જ્યારે રોમી પાસે પણ પોતાની અલગ સ્ટાઈલ છે. આમ અમે ત્રણેય ગાયકોની ગાયિકી અને ગાવાની રીતભાત જુદી છે. આમ છતાં સંગીત નિર્દેશક તરીકે પ્રીતમ દા એ તેમના બહોળા અનુભવ અને કુશળતાથી અમારા ત્રણેય ગાયકની વિશિષ્ટતા અને કુશળતા સરસ રીતે વહાવી છે. આમ રંગીયારા ગીત બહુ મજેદાર બન્યું છે.

હું મારી પોતાની વાત કરું તો સીધો જ રેકોર્ડિંગ રૂમમાં ગયો હતો.બસ, મેં આ ગીત બહુ જ સાહજિક રીતે જ ગાયું છે. હા, જાવેદ અખ્તર જી એ લખેલા ગીતના શબ્દો અને પ્રીતમ દા ની મીઠી સંગીત ધૂનનીમજેદાર જુગલબંદી થઈ અને ગીતનું સર્જન થયું.

મુસુ મુસુ હાસી ગીત(ફિલ્મ : પ્યાર મેં કભી કભી : ૧૯૯૯) થી બોલીવુડમાં સરગમ વહાવનારો શાન કહે છે, મેં આમ તો બોલીવુડના આમિર ખાન, સૈફ અલી ખાન, સંજય સૂરી, શાહિદ કપૂર, રણબીર કપૂર એમ ઘણા અભિનેતાઓ માટે ગીત ગાયાં છે. સાથોસાથ, બંગાળી, કન્નડ, તેલુગુ વગેરે ભાષાની ફિલ્મોનાં ગીત પણ ગાયાં છે. જોકે હું એક ગાયક તરીકે કહું તો કેટલાંક ગીત અમર અને યાદગાર હોય છે. આવાં સૂરીલાં ગીતમાં અર્થસભર શબ્દો, કર્ણપ્રિય સંગીત ધૂન, ગાયક -ગાયિકાનો મીઠો મધુરો કંઠ , ફિલ્મના પડદા પરની અદભુત રજૂઆત વગેરે સુંદર પાસાં હોય છે. એમ કહો કે આવાં અમર ગીતોને સમયની કોઈ જ મર્યાદા નથી હોતી.

> થોડાં અઠવાડિયાં પહેલાં રજૂ થયેલી 'હૈવાન'માં શાને ૧૯ વર્ષ બાદ સૈફ માટે ગીત ગાયું છે

પોતાના પુત્ર માહી વિશે અભિપ્રાય આપતાં શાન કહે છે, મારા દીકરાને પણ સંગીતનો શોખ છે.હવે માહી યુવાન બની રહ્યો છે ત્યારે તેને પણ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનાં વિવિધ પાસાંની સમજ વધી રહી છે. ખાસ કરીને એક અચ્છા ગાયક -ગાયિકામાં ક્યાં ક્યાં લક્ષણો હોવાં જોઈએ તે વિશે મારો પુત્ર મારી સાથે ચર્ચા કરે છે.નવુ નવું જાણવા,શીખવા,સમજવા પ્રયાસ કરે છે. આમ અમારા ઘરમાં સંગીતમય માહોલ હોય છે. શાનની સૂરીલી ગાયિકી સાથોસાથ તેના મોહક હાસ્ય વિશે પણ ગમતીલી વાતો થાય છે. ઘણાં ચાહકો તો શાનને પત્ર લખીને કે સોશિયલ મિડિયા પર સંદેશા દ્વારા તેના સ્વીટ સ્માઈલની ભરપૂર પ્રશંસા કરે છે.

ગુજરાતી -પંજાબી પરિવારની રાધિકા (રાધિકાની માતા ગુજરાતી છે, જ્યારે તેના પિતા પંજાબી છે) સાથે લગ્ન કરનારો શાન ભારોભાર ખુશી વ્યક્ત કરતાં કહે છે, સાવ સાચું કહું તો મને મારાં ચાહકો મારાં ગાયેલાં ગીત વિશે બે સારા શબ્દ કહે છે ત્યારે આનંદ સાથે સંતોષ થાય છે. હા, હું સ્ટેજ પર હોઉં છું ત્યારે ગીત ગાતાં ગાતાં મારા ચહેરા પર હાસ્ય છલકતું રહે છે. સંગીત અને હાસ્યનો સંગમ થાય ત્યારે મારાં અંતરમનમાં રાજીપાનું ખળખળ ઝરણું વહે છે. મારી અને સંગીત પ્રેમીઓ વચ્ચે સીધો સેતુ સધાય છે. ■

રાજકુમાર રાવ: અભિનયમાં ધાર લાવવા માટે પાત્રના હાર્દ સુધી પહોંચવું જરૂરી છે

હિન્દી ફિલ્મ જગતમાં સફળ એક્ટર બનવાનો કોઈ નિશ્ચિત માપદંડ નથી પણ ઘણીવાર તમનેએવી ભૂમિકાઓ કરવા મળે છે જે પુરવાર કરે છે કે એક એક્ટર તરીકે તમે અવ્વલ બની ચૂક્યા છો. સામાન્ય દેખાવ ધરાવતો રાજકુમાર રાવ બોલિવૂડમાં એક અનોખો અપવાદ છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં ચળકાટ અને ચોતરફ વાહવાહ થતી હોય એટલે લોકો સમજે કે ફિલ્મસ્ટાર આવી રહ્યા છે પણ આ માન્યતાથી સાવ અલગ મિજાજ ધરાવતો રાજકુમાર રાવ કદી કોઈ હોહા મચાવ્યા વિના સામાન્ય પાત્રો એવી અસામાન્ય રીતે ભજવી બતાવે છે કે તમારે તેની નોંધ લેવી જ પડે. ન્યુટન ફિલ્મનો કારકુન હોય કે સ્ત્રીનો ડરપોક પ્રેમી, રાજકુમાર રાવે તેના પાત્રો ભજવતો નથી પણ જીવી જાણે છે.

બોલિવૂડમાં તેની કારકિર્દી અસામાન્ય રહી છે. કોઈ જાણીતી અટક નહીં, કોઈ લોન્ચપેડ ફિલ્મ નહીં, ગુરૂગ્રામનો એક છોકરડો આંખમાં મોટાં સપનાં આંજી મોહનગરી મુંબઈમાંઆવી ચડે છે અને માત્ર પોતાની પ્રતિભા અને મહેનતને જોરે સ્ટાર બની જાય છે. નાની ફિલ્મોમાં મોટી મોટી ભૂમિકાઓ કરી પોતાની કારકિર્દી ઘડનારો રાજકુમાર રાવ તેના પાત્રોને એવી રીતે જીવી જાણે છે કે એવોર્ડ તેની પાછળ દોડતાં આવે છે. હાલ તે બે ધરખમ બાયોપિકને ન્યાય આપી રહ્યો છે. એક કોર્ટરૂમ ડ્રામા પ્રહારમાં તે વજનદાર વકીલ ઉજ્જવલ નિકમની ભૂમિકા ભજવે છે તો બીજા સ્પોર્ટસ ડ્રામા દાદામાં ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ સૌરવ ગાંગુલીની રોમાંચક ક્રિકેટ દાસ્તાન રજૂ કરી રહ્યો છે. આ બંને ફિલ્મોમાં તેના કામ કરવાના અનુભવ અને પોતાની એક્ટિંગની ક્રાફ્ટ વિશે રાજકુમાર રાવ માંડીને વાત કરે છે...

પોતાને મળેલી સફળતા વિશે રાજકુમાર રાવ કહે છે, હું નસીબદાર કે મને થિયેટર અને એફટીઆઈઆઈ દ્વારા ફિલ્મ જગતમાં મારો માર્ગ શોધવાની તક મળી. એ પછી હું સતત ઓડિશન આપતો રહ્યો છું. મને અસંખ્યવાર નકારવામાં આવ્યો છે. સફળતાની કોઈ નિશ્ચિત ફોર્મ્યુલા હોતી નથી. પણ હું માનું છું કે જો તમારામાં પ્રતિભા, ધીરજ અને ટકી રહેવાની ક્ષમતા હોય તો આજે ઘણી તકો ફિલ્મ ઉદ્યોગમાં ઉપલબ્ધ છે જે અગાઉ નહોતી. મહત્વની વાત સતત કામ કરતાં રહેવું તે છે.

> 'ઉજ્જવલ નિકમનું પાત્ર ભજવવા માટે મારે અલગ રીતે દેખાવું જરૂરી હતું. જ્યારે શારીરિક પરિવર્તન થાય ત્યારે તમારી ચાલ, બોલવાની છટા અને પાત્રની સમગ્ર રજૂઆત પર તેની અસર પડે છે.'

એક સમયે શાહિદ, ટ્રેપ્ડ અને ન્યુટન ફિલ્મોમાં કર્યા બાદ મારી એક એવી ઈમેજ બંધાઈ ગઈ હતી કે આ એક્ટર અમુક પ્રકારની ફિલ્મોમાં જ ચાલે તેમ છે. પણ પછી સ્ત્રી ફિલ્મ આવી અને તેને બોક્સ ઓફિસ પર જે સફળતા મળી તેને કારણે મને એક નવી જ ઓળખ મળી. શાહિદ અને ન્યુટન ફિલ્મોને કારણે લોકો મને એક ચોક્કસ રીતે જોતાં થઈ ગયા હતા. પણ પછી સ્ત્રી આવી અને મને એ દર્શાવવાની તક મળી કે એ જ એક્ટર જરૂર પડે સફળ કમર્શિયલ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા પણ કરી શકે છે. આ ફિલ્મની સફળતાને પગલે મારી ફિલ્મ પસંદ કરવાનીરીત પણ બદલાઈ છે. એક સમયે દસ વર્ષ અગાઉ મારે સતત કામ કરવું પડતું હતું કેમ કે બીજી તક ક્યારે મળશે તે કશું નક્કી નહોતું. આજે હું મારી પસંદગી દર્શાવી શકું છુ. આજે મારે કોઈપણ ફિલ્મ મને ગમે કે ન ગમે તે કરવાની જરૂર રહી નથી. સારી પટકથા હોય, સારો ફિલ્મમેકર હોય અને મને ફિલ્મની ભૂમિકામાં જોરદાર રસ પડ્યો હોય તો હું આવી ફિલ્મ કરવા માટે કોઈપણ હદે જઈ શકું છું.

બોક્સ ઓફિસ પર સફળતાને મામલે પોતાની વાત કરતાં રાજકુમાર કહે છે, મને બોક્સ ઓફિસના આંકડા ઉત્સાહિત કરે છે. હું ખોટું બોલીને એમ નહીં કહું કે મને બોક્સ ઓફિસની પડી નથી. જ્યારે ફિલ્મ સફળ થાય ત્યારે હું ખુશ થઈ જા છું કેમ કે કશું કામ સફળ થયું તેને માટે ઘણાં લોકોએ સાથે મળી મહેનત કરી હોય છે. પણ હું માત્ર બોક્સ ઓફિસની સફળતાને આધારે મારા નિર્ણયો લેતો નથી. સિનેમામાં કળા અને વાણિજ્યનું સંતુલન હોવું જોઈએ. હું હમેશા સારી સ્ટોરીઝ અને સારા પાત્રો પસંદ કરૂ છું અને આશા રાખું છું કે ઓડિયન્સને સ્ટોરી ગમશે.



એક સારા અભિનેતા તરીકે તમારી તૈયારીઓ પુરી હોય પણ તે વળગણ ન બની જાય તે માટે તમે શું કરો છો તેવા સવાલના જવાબમાં રાજકુમાર રાવ કહે છે, આ બંને વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા હોય તો તેની મને ખબર નથી. મારા માટે તૈયારી એટલે જ્યારે હું સેટ પર હોઉં ત્યારે બને એટલી અડચણો દૂર કરવી. ઉજ્જવલ નિકમની ભૂમિકા ભજવવા માટે મેં નવથી દસ કિલો વજન વધાર્યું હતું. કારણ કે મને લાગ્યું હતું કે શારીરિક સજ્જતા પણ એટલી જ મહત્વની છે. મારે આ વજન વધારવા માટે સામાન્ય રીતે હું જે નથી ખાતો તે બધી ચીજો પિઝા, મીઠાઈઓ, આલુ પરાઠા તથા બિરયાની સુદ્ધાં ખાધી હતી.

આમ કરવું એટલા માટે જરૂરી હોય છે કે શારિરીક પરિવર્તનની અસર માનસિક સ્તર પર પડતી હોય છે કારણ કે શરીર એ તમારું સાધન છે. જ્યારે તમારું શરીર બદલાય ત્યારે તમારી ઉર્જા પણ બદલાય છે. ઉજ્જવલ નિકમનું પાત્ર ભજવવા માટે મારે અલગ રીતે દેખાવું જરૂરી હતું. જ્યારે શારીરિક પરિવર્તન થાય ત્યારે તમારી ચાલ, બોલવાની છટા અને પાત્રની સમગ્ર રજૂઆત પર તેની અસર પડે છે. મારા માટે પાત્રમાં પરિવર્તીત થવાનું એટલે તેના જેવું દેખાવું કે તેની નકલ સમાન બનવું પૂરતું હોતું નથી. હું પાત્રના હાર્દ સુધી પહોંચી તેની વાત રજૂ કરવાનો પ્રયાસ કરૂં છું.

રાજકુમાર રાવ કહે છે, એ પછી દાદાની ભૂમિકા ભજવવાની આવી. જેમાં એકદમ અલગ પ્રકારની જ શારીરિક સજ્જતા કેળવવાની જરૂર પડી. આ પાત્ર માટે વજન વધારવાની નહીં પણ મારા શરીરને ક્રિકેટરના ચુસ્ત શરીર સમાન બનાવવાનો પડકાર મારી સામે હતો. સૌરવના સમગ્ર વ્યક્તિત્વને સમજી મારે તેનું પાત્ર ભજવવાનું હતું. મારે તેની બેટિંગ કરવાની છટા શીખવાની હતી. તેની ડાબોડી તરીકે રમવાની રીત મારા માટે સાવ નવી હતી. આ ઉપરાંત તે કેવી રીતે વિચારે છે અને મેદાન પર અને મેદાનની બહાર તે કેવી રીતે વર્તે છે તે બધું મારે આત્મસાત કરવાનું હતું. તેની વિખ્યાત કવર ડ્રાઈવ અને તે મારવાની લાક્ષણિક છટા આ બધાં પર મારે ધ્યાન આપી તેને સહજતાથી પેશ કરવાનું હતું. એ પછી નવી ભાષા બંગાળી શીખવાનું આવ્યું અને તેમાં મારી પત્ની પત્રલેખાએ મને મોટી મદદ કરી.

પણ સૌરવ ગાંગુલીનું પાત્ર ભજવવા માટે મારે સંતુલન જાળવવું જરૂરી હતું. તમારે એ વ્યક્તિના રેખાચિત્ર બની રહેવાનું હોતું નથી. દાદાની પર્સનાલિટી જ એવી છે કે અમુક બાબતો તો દેખીતી રીતે જ તમારે શીખવી પડે. પણ મેં તેમની રીતભાતની નીચે શું રહેલું છે તે સમજી તેમના પાત્રને ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. મને તેમની સાથે ઘણો સમય ગાળવા મળ્યો છે. મેં તેમની સાથે મેદાન પર અને તેમના ઘરમાં ઘણો સમય ગાળ્યો છે આ એક અસામાન્ય વિશેષાધિકાર મને એક્ટર તરીકે મળ્યો છે. પોતે ભજવેલા આ બંને એકદમ અલગ પ્રકારના પાત્રોની વાત કરતાં રાજકુમાર કહે છે, બંને જણાંની પર્સનાલિટી એકદમ અલગ છે. નિકમના વ્યક્તિત્વમાં સ્થિરતા સ્થાયી ભાવ છે. મારે એ માણસનો અભ્યાસ કરવાનો હતો જેણે પોતાનું જીવન નીરખવામાં, વિચારવામાં અને પોતાના દરેક કેસને એક મિશનની જેમ લડવાનું પસંદ કર્યું છે. બીજી તરફ સૌરવ ગાંગુલીના જીવનનો મોટો હિસ્સો મેદાન પર દેશની અત્યંત લોકપ્રિય રમત રમવામાં ગુજાર્યો છે. આમ, આ બંને મહાનુભાવોની બાયોપિકમાં કામ કરવાની તક મળી તેમાંથી મને ઘણું શીખવા મળ્યું છે.

રાજકુમાર રાવ પોતાની વાતનું સમાપન કરતાં કહે છે, નાણાંકીય રીતે હું સુરક્ષિત બન્યો છું. પણ હું મારી આ સુરક્ષા સર્જનાત્મક જુસ્સાને અસર ન કરે તેનું ધ્યાન રાખું છું. એક સમયે હું એક લાઈનની ભૂમિકા મેળવવા માટે ઓડિશન આપવા જતો હતો. આજે મારી પત્ની સાથે મારી કંપની કામ્પા દ્વારાહુંઆવી તક બીજાને આપી શકવાની સ્થિતિમાં છું. આ બાબતનો મને આનંદ છે.

ટચ વૂડ, રાજકુમાર! ■

એક ડિલિવરી બોયે બનાવેલી ફિલ્મ... ચાંદની બાર

મધુર ભંડારકરને કોણ ન ઓળખે ? પણ એક એવો સમય હતો, જ્યારે તેઓ વીડિયો લાઈબ્રેરીમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા. તેઓ બાર ડાન્સર્સથી લઈને જાણીતા ફિલ્મ સ્ટાર્સને ઘરે ફિલ્મોની કેસેટો પહોંચાડતા. ૧૯૯૯માં તેમણે 'ત્રિશક્તિ' ફિલ્મ સાથે બોલિવુડમાં ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું. આ ફિલ્મનો કોઈ ખાસ ઈમ્પેક્ટ ન રહ્યો, પરંતુ ૨૦૦૧માં રિલીઝ થયેલી તેમની ફિલ્મ 'ચાંદની બાર' ખાસ પૂરવાર થઈ. ફિલ્મ ચાર નેશનલ એવોર્ડ જીતી. આ ફિલ્મે તેમને અલગ શ્રેણીના ડિરેક્ટર તરીકે સ્થાન આપ્યું.

દાસ્તાન-એ-સિનેમા
નિનાદ ગજ્જર

જમાનો ઈન્સ્ટન્ટનો છે. જંક ફૂડથી લઈને ગ્રોસરી સુધી બધુ જ ગણતરીની મિનિટોમાં મળી જાય છે. ઓર્ડર આપ્યો નથી અને ૧૦ મિનિટની અંદર ઓર્ડરની ડિલિવરી. આ ઈન્સ્ટન્ટ ડિલિવરીનો શ્રેય મોટી મોટી કંપનીઓ લઈ જાય છે. પરંતુ, મહેનત ડિલિવરી બોયની હોય છે. તે વ્હીકલ બરાબર ન ચલાવે, બંગલો-ફ્લેટ નંબર બરાબર ન શોધે, ઓર્ડરને સાચવીને ન પહોંચાડે તો બધું જ બેકાર છે. ઓર્ડરની ડિલિવરીમાં આટલો મોટો ફાળો હોવા છતાં તેને માન-સન્માન નથી મળતું. કોઈક ક્યારેક ઉનાળામાં પાણી ઓફર કરી દે, કોઈક સ્માઈલ આપી દે, કોઈ ખુશ હોય તો ટીપ આપી દે. બસ, આનાથી વિશેષ કશું જ નહીં. ઓર્ડર એકાદ મિનિટ મોડો થાય તો કોઈ એની રહેમ ન ખાય. એ વિચાર્યા વગર કે, તેનું કંઈ સપનું નહોતું કે, મોટો થઈને ડિલિવરી બોય બનીશ. ઘરે ઘરે ઓર્ડર પહોંચાડીશ. તેણે પણ વિચાર્યું હતું કે, કોલેજ પછી આ કંપનીમાં સારા પગારે નોકરી કરીશ. આ પરીક્ષા આપીશ એટલે સરકારી નોકરી પાક્કી..પછી જીવનભરની શાંતિ. જીવનમાં થયું કંઈક ઔર. પણ, એવું નથી કે, તેને આખી જિંદગી આ જ કરવાનું છે. એક ચાન્સ મળે તો તે પણ ક્યાંનો ક્યાં પહોંચી જાય. મધુર ભંડારકરની જ વાત લો. આજે ઓળખ બોલિવુડના જાણીતા ફિલ્મ ડિરેક્ટર તરીકેની છે. પરંતુ, એક સમયે તેઓ પણ ડિલિવરી બોય હતા. વીડિયો લાયબ્રેરીમાં કામ કરતા. ડાન્સ બાર ગર્લ્સથી લઈને ફિલ્મ સ્ટાર્સ સુધીના તમામના ઘરે કેસેટ પહોંચાડતા. મધુર ભંડારકરને પણ ન ગમે તેવું કામ કરવાની પીડા સમજાઈ હતી. કદાચ એટલે જ તેમણે ૨૦૦૧માં બાર ડાન્સર્સના જીવન પર આધારિત ફિલ્મ 'ચાંદની બાર' બનાવી. એવી ફિલ્મ, જેણે બાર ડાન્સર્સની વેદનાને રજૂ કરી.

બી-ગ્રેડ ફિલ્મ જેવું ટાઈટલ છે... કોઈ રોકાણ નહીં કરે

'ચાંદની બાર' ફિલ્મનો આઈડિયા લઈને અનેક ઓફિસ ફરી રહેલા મધુર ભંડારકરને કહેવામાં આવ્યું હતું કે, તારી આ બી-ગ્રેડ ફિલ્મ જેવા ટાઈટલવાળી ફિલ્મમાં કોઈ ઈન્વેસ્ટ નહીં કરે. ફિલ્મનું બજેટ રૂ. ૧.૫ કરોડનું હતું. 'આટલી અમથી' રકમ ભેગી કરતા ભંડારકરને પરસેવા છૂટી ગયા હતા. 'આટલી અમથી' એટલા માટે કારણ કે, ભંડારકરની ફિલ્મ 'હીરોઈન'માં કોસ્ચ્યુમનું બજેટ જ રૂ. ૧.૫ કરોડ હતું. કોઈ કહેતું, ફિલ્મનું ટાઈટલ નથી સારું. કોઈ કહેતું, સ્ટોરી પર રી-વર્ક કરો. તો કોઈ કહેતું, તમારી પહેલી ફિલ્મ ક્યાં ચાલી.. તો આ ચાલશે.

બાર ગર્લ્સની કરૂણ જિંદગી

૧૩, એપ્રિલ, ૨૦૦૫ના દિવસે મહારાષ્ટ્ર સરકારે મુંબઈના ડાન્સ બાર્સને બંધ કરવાનો નિર્ણય લીધો. નિર્ણયના પગલે દેશની આર્થિક રાજધાનીમાં આશરે ૧,૪૦૦થી વધુ ડાન્સ બાર્સને તાળા લાગ્યા. બીજા દિવસે, ૭૬,૦૦૦ જેટલી બાર ડાન્સર્સને ખ્યાલ ન આવ્યો કે, તેમના જીવન માટે આ બદલાવ સારો છે કે, ખરાબ? ખરાબ, એટલા માટે કારણ કે, તેમની રોજીરોટી છીનવાઈ. મોટાભાગની મહિલાઓની કમાણીથી ઘર ચાલતા હતા. અન્ય કમાણીના સાધન હતા જ નહીં. અને સારો એટલા માટે કારણ કે, કોઈનું સપનું નહોતું કે મોટા થઈને બાર ડાન્સર બનવું છે. ઘણાને મજબૂરી ખેંચી લાવી તો ઘણાને મજબૂર કરવામાં આવી હતી. આ લાચારી વચ્ચે એક ચાન્સ આવ્યો હતો કે જે તેમનું જીવન બદલી શકે તેવો હતો. આ ફિલ્મની લીડ મુમતાઝ (તબુ)ના જીવનમાં પણ આવો ચાન્સ આવે છે. પરંતુ, ચાન્સ વચ્ચે પણ તેના જીવનમાં લાચારી છે.

વાત ૧૯૮૩ની કરવામાં આવી છે. યુપીના એક ગામડાની છોકરી મુમતાઝ પોતાના કાકા સાથે મુંબઈ રહેવા આવે છે. તેના કાકા તેને ચાંદની બારમાં ડાન્સ કરવા મજબૂર કરે છે. તેને વાયદો કરે છે કે, થોડોક જ સમય તારે કામ કરવાનું છે, પછી મને કામ મળી જ જશે. અને તારે કામ કરવાની જરૂર નહીં રહે. આ વચ્ચે તે મુમતાઝની કમાણીને નશામાં ઉડાવી દે છે. તેની સાથે અમાનવીય વર્તન કરે છે. મુમતાઝને જાણવા મળે છે કે, જેમ તેના કાકાએ તેની જિંદગી નરક બનાવી છે, તેમ તેની સાથે કામ કરતી અનેક મહિલાઓની જિંદગી કોઈને કોઈ વ્યક્તિએ નરક બનાવી છે.

આ દરમિયાન મુમતાઝની મુલાકાત માથાભારે ગુંડા પોટ્યા સાંવત (અતુલ કુલકર્ણી) સાથે થાય છે. જાણતા અજાણતા તે પોટ્યાને પોતાના કાકા વિશે વાત કરે છે. મુમતાઝને પામવા માગતો પોટ્યા તેના કાકાની હત્યા કરી નાખે છે. જે બાદ બંને લગ્ન કરી લે છે. એક દીકરી અને એક દીકરાના જન્મ બાદ પોટ્યાનું મોત પોલીસ એન્કાઉન્ટરમાં થાય છે. પતિના મોત બાદ ફરી એકવાર મુમતાઝ મજબૂર બને છે. તેના પાછલા જીવનની મુશ્કેલીઓ તેના બાળકોને જીવવા નથી દેતી.

'ચાંદની બાર' અને તબુ

ચાંદની બારની વાત આવે ત્યારે સૌથી પહેલાં યાદ તબુની આવે. તેણે મુમતાઝના રોલને માત્ર એક ડાન્સ બારમાં કામ કરતી મહિલા તરીકે નહોતો ભજવ્યો, તેણે મુમતાઝ સાથે એવી મહિલાને જીવંત કરી, જેના જીવનમાં સંજોગો હંમેશા તેની ઈચ્છાઓ કરતાં વધુ શક્તિશાળી સાબિત થાય છે. મુમતાઝની જિંદગીમાં દુઃખ એક એવી સાંકળ છે, જેમાં એક મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ બીજી મુશ્કેલી તરફ દોરી જાય છે. તેના જીવનને નૈતિકતાના માપદંડથી તોલવું ભૂલ ભર્યું પગલું ગણી શકાય. મધુર ભંડારકરે ૨૦૨૧માં ફિલ્મની વીસમી એનીવર્સરીએ જણાવ્યું હતું કે, મુમતાઝનો રોલ તેમણે તબુને ધ્યાનમાં રાખીને જ લખ્યો હતો.

અતુલ કુલકર્ણી અને અંધારી આલમ

ફિલ્મમાં અતુલ કુલકર્ણી પોટિયા સાવંતના રોલમાં જોવા મળે છે. પોટિયા સાથે તેમણે ફિલ્મને મુંબઈના અંડરવર્લ્ડ સાથે જોડી હતી. ફિલ્મમાં અતુલ કુલકર્ણીની એન્ટ્રી સાથે જ સત્તા, હિંસા અને દબદબાની લડાઈ જોવા મળે છે. ભંડારકરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ફિલ્મ 'હે રામ'માં અતુલ કુલકર્ણીની એક્ટિંગ જોઈને તેઓ ઈમ્પ્રેસ થઈ ગયા હતા. તેમનું લાગ્યું કે, મને પોટિયાના રોલ માટે બેસ્ટ આર્ટિસ્ટ મળી ગયો. ફિલ્મમાં રાજપાલ યાદવ સહિતના કલાકારો જોવા મળે છે. તેમ છતાં, કોઈ કલાકારની હાજરી એક-બે સીન પૂરતી સીમિત નથી. દરેકને યોગ્ય ભૂમિકા આપવામાં આવી છે. ડાયલોગ્સ આઝાદ અને મસૂદ મિરઝાએ લખ્યા છે. લતા મોહને તેને પ્રોડ્યુસ કરી છે. રાજુ સિંહે મ્યુઝિક આપ્યું છે અને સ્ક્રીનપ્લે મોહન આઝાદનો છે.

જે-તે સમયના ટ્રેન્ડથી વિપરીત ફિલ્મ

હિંદી ફિલ્મોમાં મોટા સ્ટાર્સની બિગ બજેટ ફિલ્મોનો ટ્રેન્ડ ચાલી રહ્યો હતો. આ ફિલ્મ રીલિઝ થઈ તે જ વર્ષે 'ગદર : એક પ્રેમ કથા', 'લગાન', 'દિલ ચાહતા હૈ' અને 'કભી ખુશી કભી ગમ' જેવી ફિલ્મો રીલિઝ થઈ હતી. એક તરફ, મોટા સ્ટાર્સ, મોટા બજેટ, અને મોટા પ્રોડક્શન હાઉસનો દબદબો ચાલી રહ્યો હતો. અને બીજી તરફ, મધુર ભંડારકરની નાના બજેટની હટકે ફિલ્મ આવી હતી.

ફિલ્મ પર એવોર્ડ્સનો વરસાદ

આ ફિલ્મ સુપરહિટ રહી હતી. રૂ. ૧.૫ કરોડના બજેટ સામે ફિલ્મે રૂ. ૬.૬ કરોડની કમાણી કરી હતી. ૪૯મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં ફિલ્મને ચાર એવોર્ડ મળ્યા હતા. 'બેસ્ટ ફિલ્મ ઓન અધર સોશિયલ ઈશ્યુઝ', તબુને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ, અતુલ કુલકર્ણીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટર અને અનામિકા ખરેને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. તબુનો આ બીજો નેશનલ એવોર્ડ હતો. તેને પાંચ વર્ષ પહેલા ફિલ્મ 'માચિસ' માટે નેશનલ એવોર્ડ મળ્યો હતો. મધુર ભંડારકરને અનેક જગ્યાએ બેસ્ટ ડિરેકટરનું નોમિનેશન મળ્યું હતું. પરંતુ, તેઓ જીતી શક્યા નહોતા. છેવટે, તેમને 'પેજ-૩' અને 'ટ્રાફિક સિગ્નલ' જેવી ફિલ્મો માટે નેશનલ એવોર્ડ મળ્યા હતા.

આખું ગીત એક પણ નહીં...

'ચાંદની બાર' એક એવી ફિલ્મ છે, જેમાં એક પણ સોંગ સીકવન્સ નથી. સોંગનો થોડો ભાગ સંભળાય અને પછી તરત જ ડાયલોગ આવી જાય. ફિલ્મમાં જાણે કહેવામાં આવ્યું છે કે, માણસના જીવનમાં ક્યારેક એવી પરિસ્થિતિઓ આવે કે, મ્યુઝિકનું મહત્ત્વ જ ન રહે. મુમતાઝ ડાન્સ કરી રહી છે, પણ કોઈ ધૂન નથી. કોઈ કારણ નથી. બસ, નાચી રહી છે કારણ કે, એ જ તો જીવન છે. આ ધૂન વગરના ડાન્સની કિંમત તેના પાછળના જીવનમાં જોવા મળે છે. મ્યુઝિક સંપૂર્ણપણે બંધ થઈ જાય છે. મ્યુઝિકની જગ્યા ઘોંઘાટ લે છે. તેના પતિ દ્વારા ફાયરિંગ કરવામાં આવે છે. થોડા સમય બાદ પતિનું પણ એન્કાઉન્ટરમાં મોત થાય છે. ફિલ્મના માધ્યમથી મધુર ભંડારકર આડકતરી રીતે કહી રહ્યા છે કે, પોતાની જાતને હંમેશા પૂછતા રહેવું કે, શું હું જીવનની ધૂન-બીટ પ્રમાણે ચાલી રહ્યો-રહી છું કે નહીં? અને જો ડાન્સ કરી રહ્યા હો તો પૂછવું કે, હું ધૂન પ્રમાણે જ ડાન્સ કરી રહ્યો-રહી છું કે નહી, કારણ કે અન્ય ધૂન ચૂકી જવાય તો ચાલે, પણ જીવનની ધૂન ચૂક્યા તો ગયા. ■

આલિયાએ મહેશ અને મુકેશ ભટ્ટના રી-યુનિયનનો તખ્તો તૈયાર કર્યો



ચારેક વરસ પહેલા છુટા પડેલા ફિલ્મમેકર્સ મહેશ ભટ્ટ (૭૮) અને એમના નાના ભાઈ મુકેશ ભટ્ટ (૭૪) ફરી ભેગા થાય એવી આશા જાગી છે. ભટ્ટ બંધુઓ વચ્ચે ભલે ફરી વ્યાવસાયિક સંબંધો ન સ્થપાય પણ એમની વચ્ચેના પારિવારિક સંબંધો પૂર્વવત થાય એવા સંજોગોએ થોડા અરસા પહેલા આકાર લીધો છે. ઈન્ડસ્ટ્રીના એમની નજીકના સૂત્રો કહે છે કે મહેશ અને મુકેશ ભટ્ટની લાઈફમાં રામાયણના ભગવાન રામ અને એમના ભાઈ ભરત વચ્ચેનો 'ભરત-મિલાપ' જેવો પ્રસંગ બને એ દિવસો દૂર નથી. એમના પુનર્મિલન માટે દોઢ મહિના પહેલા ૧૪મી ઓગસ્ટ, ૨૦૨૬ના રિલિઝ થયેલી ફિલ્મ 'આવારાપન-૨' નિમિત્ત બનશે. વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ માત્ર ૪૫ કરોડના બજેટમાં બનેલી મૂવી લગભગ ૧૫૧ કરોડનું બોક્સ ઓફિસ કલેક્શન કરી સુપર હિટ થઈ ગઈ.

ફિલ્મની સફળતાએ મુકેશ ભટ્ટનો મિજાજ બદલી નાખ્યો હોય વું લાગે છે. હવે તેઓ મોટા ભાઈ વિશે મીઠા શબ્દો બોલતા થયા છે. હમણાં તેમણે એક મીડિયા ઈન્ટરએક્શનમાં કહ્યું હતું કે 'મહેશભાઈ મારા પિતા સમાન મોટાભાઈ છે. મારા પુત્ર વિશેષે અમારા પ્રોડક્શન હાઉસનો ચાર્જ સંભાળી 'આવારાપન-૨' માટે કામ શરૂ કર્યું ત્યારે મહેશભાઈએ એને આશીર્વાદ આપતો સુંદર મેસેજ કર્યો હતો. એ દિવસે હું ગદગદ થઈ ગયો હતો.'

આ સિક્કાની એક બાજું થઈ. સિક્કાની બીજી બાજુ મુકેશ ભટ્ટે વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી ફિલ્મોના ડિજિટલ રાઈટ્સ માટે કરેલી એક ઓટીટી ડીલ છે. આ ડીલ વિશે મહેશ ભટ્ટને અંધારામાં રખાયા હોવાનું કહેવાય છે. એને લઈને બંને ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાની પણ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે. એ વિશે ભટ્ટ બંધુઓએ મીડિયા સમક્ષ ભલે મોઢુ નથી ખોલ્યું, પરંતુ જે રીતે ભટ્ટસાબ ખારમાં આવેલી વિશેષ ફિલ્મ્સની ઓફિસમાંથી ધુંવાપુંવા થતા બહાર નીકળ્યા એ કશુંક મોટુ બન્યાનો નિર્દેશ આપતું હતું. ત્યાર બાદ મહેશબાબુ કદી ઓફિસમાં પાછા ન ફરતા બંને ભાઈઓ છુટા પડ્યા હોવાનો સ્પષ્ટ સંકેત મળી ગયો. થોડા અરસા પહેલા ઓટીટી ડીલના ઝઘડામાં મહેશ ભટ્ટની સુપરસ્ટાર પુત્રી આલિયાની એન્ટ્રી થઈ. આલિયા અને એના ફાયનાન્સિયલ એડવાઈઝરોએ ઓટીટી ડીલમાંથી મહેશભાઈને રૂા.૩૮ કરોડનો ભાગ અપાવ્યો હોવાનું એક આધારભૂત સૂત્ર કહે છે, ડીલથી વાકેફ ભટ્ટ પરિવારની એક નજીકની વ્યક્તિના જણાવવા મુજબ આ સોદો સ્મૂધલી પાર પાડવામાં આલિયાની સુપરસ્ટાર તરીકેની વગ કામ કરી ગઈ. અલબત્ત, આલિયા અને એની ટીમે ઓટીટી ડીલ કે એના ડેડી અને કાકા વચ્ચે ફરી મેળાપ થશે કે કેમ એ વિશે કોઈ સત્તાવાર ફોડ હજુ સુધી પાડ્યો નથી.

અત્રે યાદ અપાવવું ઘટે કે લગભગ પાંચ વરસ પહેલા મહેશ અને મુકેશ ભટ્ટ વચ્ચેની વિશેષ ફિલ્મ્સમાંની પ્રોફેશનલ પાર્ટનરશીપનો અંત આવ્યો હતો. બંને ભાઈઓએ બોલિવુડને 'આશિકી', 'રાઝ' અને 'મર્ડર' જેવી સફળ ફિલ્મો આપી છે. એમણે ઈન્ડસ્ટ્રીને અનુપમ ખેર જેવા કેટલાંક ટેલેન્ટેડ એક્ટર્સ આપ્યા છે. એને કારણે બોલિવુડમાં એમની ઘણી 'ગુડવિલ' છે. એટલે બધા એવું ઈચ્છે છે કે મહેશ અને મુકેશ ભલે ફરી પ્રોફેશનલી ભેગા ન થાય પણ એમના ફેમિલી રિલેશન્સ ફરી પૂર્વવત બને.

આલિયાએ બંને વચ્ચેનો નાણાંકીય વિવાદ ઉકેલી દીધો હોવાથી હવે ભટ્ટ બંધુઓનો મિલાપ આસાન બની રહેવો જોઈએ. ■

ગુલશન ગ્રોવરઃ 'કેસરિયા વિલાયતી'ની કેસરી લાઈફ!

બોલિવુડના અભિનેતા 'કેસરિયા વિલાયતી'ની ઓળખ આપવાની જરૂર નથી કેમ કે અનિલ કપૂર અને જેકી શ્રોફની ફિલ્મ 'રામ લખન'માં આ અભિનેતાએ પોતાની અલૌકિક અભિનય પ્રતિભાથી કરોડો લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. તેની આ ભૂમિકા આજે પણ લોકોને યાદ છે. આ અભિનેતા ીજું કોઈ નહીં, પણ બોલીવૂડનો બેડમેન ગુલશન ગ્રોવર! તેણે બોલીવૂડની ૪૦૦થી વધુ ફિલ્મોમાં મોટા ભાગે નેગેટિવ ભૂમિકા ભજવી છે. જે આજે પણ સક્રિય છે.

બોલીવૂડમાં ૪૬ વર્ષ પહેલાં ડેબ્યૂ કરનારા ગુલશન ગ્રોવરે તેના અંગત જીવનમાં ઘણાં ચડાવ-ઉતારનો સામનો કર્યો છે. '૮૦ અને '૯૦ના દાયકામાં એક-એક થી ચડિયાતા ખયનાયકો આવ્યા, પણ આ બધામાં ગુલશન ગ્રોવરે જે ચાહના મેળવી એ અન્યોથી સાવ અલગ છે. એ સાચું કે ગુલશન ગ્રોવરની કારકિર્દી ઘણા લાંબી અને સફલ રહી. બેશક, તેણે ભાગ્યે જ કોઈ ફિલ્મોમાં પોઝિટિવ પાત્રો ભજવ્યા હશે. તેણે તો નેગેટિવ પાત્રોથી ફેન્સના દિલમાં સ્થાન જમાવ્યું છે.આથી જ તેણે 'બેડમેન'નું બિરુદ મેળવ્યું છે.

ગુલશન ગ્રોવરે પોતાના સમય કાળમાં અનેક વિધી કલાકારો સાથે કામ કર્યું છે. આજે પણ ગુલશન ગ્રોવર ફિલ્મોમાં કામ કરે છે. જો કે આ કલાકારનું અંગત જીવન ઘણી મુશ્કેલીમાં પસાર થયું છે. તેમણે એક નહીં, પણ બબ્બે લગ્ન કર્યા છે, પણ આજે તેઓ સાવ એકલા છે અને પોતાનું જીવન જીવી રહ્યા છે. થોડા દિવસ પહેલા ૨૧ સપ્ટેમ્બરે જ તેમનો જન્મદિવસ ગયો. ૭૧ વર્ષના આ અભિનેતાને બાળપણથી જ એક્ટિંગનો અનેરો શોખ. તેમણે અભિનયની કારકિર્દી બાળપણમાં રામલીલામાં કામ કરીને શરૂ કરી. જ્યારે તેઓ ત્રીજા-ચોથા ધોરણમાં ભણતા ત્યારે રામલીલામાં કામ કરવા જતા.



૧૯૮૦ અને ૯૦ના દાયકામાં એક-એકથી ચડિયાતા ખયનાયકો આવ્યા, પણ આ બધામાં ગુલશન ગ્રોવરે જે ચાહના મેળવી એ અન્યોથી સાવ અલગ છે. એમણે બોલિવુડમાં ૪૬ વર્ષ પહેલાં ડેબ્યૂ કર્યું હતું

કોલેજમાં થિયેટર ગ્રુપ સાથે જોડાયા. જેમ જેમ વય વધતી ગઈ તેમ તેમ ગુલશન ગ્રોવરે પોતાની આ કામગીરીને વધુને વધુ બળવત્તર બનાવી. જ્યારે તેઓ કોલેજમાં આવ્યા ત્યારે તેમણે નાના-મોટા નાટકોમાં કામ કરી લોકોના દિલ જીત્યા. ગુલશન ગ્રોવરે નવી દિલ્હીની શ્રીરામ કોલેજ ઓફ કોમર્સમાં અભ્યાસ શરૂ કર્યો તે દરમિયાન એક લિટલ થિયેટરમાં જોડાયા અને એ પછી તો અભિનયમાં જ આગળ વધવું - કારકિર્દી બનાવવી એવો નિર્ણય કર્યો અને એ દિશામાં આગળ વધવાનુ પ્રણ લીધું.

છ ભાઈ-બહેનોમાં ગુલશન ગ્રોવર સાતમા ક્રમે હતા. તેઓ ડિટરજન્ટ પાઉડર અને ફિનાઈલની ગોળી પણ વેચતા. ઘરના વડીલો માટે બધા બાળકો ભણીગણીને આગળવધે એવું કરવું મુશ્કેલ હતું. છતા ગુલશને પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને ઘરખર્ચ માટે કામ પણ ચાલુ રાખ્યું. બપોરે શાળા-કોલેજમાં જતા અને સવારે ફ્રી-ટાઈમમાં ઘરે ઘરે જઈ ડિટરજન્ટ પાઉડર અને ફિનાઈલ્સની ગોળી વેંચતા. આમાંથી થતી આવકથી ફી પણ ભરી દેતા.

સંજય દત્ત અને સની દેઓલના ગુરુ છે ગુલશન

એ વાત જાણીને આશ્ચર્ય થશે કે ગુલશન ગ્રોવરે બોલીવૂડના બે શક્તિશાળી કલાકાર-સંજય દત્ત અને સન્ની દેઓલને પણ અભિનયની નજાકતતા શીખવી ચૂક્યા છે. કોલેજનો અભ્યાસ પૂરો કરી ગુલશન તકદિર અજમાવવા મુંબઈ આવ્યા અને રોશન તનેજા સ્કૂલ ઓફ એક્ટિંગમાં એડમિશન લીધું. તેમણે અહીં પણ અભિનયના પાઠ શીખ્યા. આ પછી પોતાનું ગુજરાન ચલાવવા અહીં જ તેમણે અન્યોને એક્ટિંગ શીખવવા માંડી. તેમણે સંજય દત્ત, સન્ની દેઓલ, ટીના મુનિમ અને કુમાર ગૌરવને અભિનયના પાઠ શીખવ્યા. તે વેળા આ કામ માટે ગુલશન ગ્રોવરને રૂા. પાંચ હજાર મળતા.

ગુલશન ગ્રોવરની એક્ટિંગ કેટિયર ગુલશન ગ્રોવરે ૧૯૮૦માં હિન્દી ફિલ્મ 'હમ પાંચ'થી પોતાની એક્ટિંગ કેરિયરની શરૂઆત કરી. તેણે દૂરદર્શન પર આવતા શો 'ફૂલ ખીલે હૈ ગુલશન ગુલશન'માં પણ કામ કર્યું. જો કે તેમને સાચી ઓળખ મળી સંજય દત્તની પ્રથમ ફિલ્મ 'રોકી' થી, જે ૧૯૮૧માં આવી હતી. ૧૯૮૯માં 'રામ લખન' ફિલ્મમાં ગુલશન ગ્રોવરે કેસરિયા વિલાયતીની ભૂમિકા ભજવી અને એ પછી તેઓ બોલીવૂડના બેડમેન તરીકે ઓળખાવા લાગ્યા. આ ફિલ્મના તકિયાકલમ 'બેડમેન' ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું. ગુલશન ગ્રોવરની મહત્ત્વની ફિલ્મોમાં ખિલાડયોં કા ખિલાડી, સદમા, યસ બોસ, લજ્જા, રામ લખન, રામજાને, સૂર્યવંશી અને દિલવાલે વગેરેનો સમાવેશ થાય છે.

ગુલશન ગ્રોવરે ધ સેકેન્ડ જંગલ બુક, એર પેનિક, બીયર, અમેરિકન ડેલાઈટ, ડેસ્મરેટ એન્ડવર્સ જેવી હોલીવૂડની ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

૧૯૮૮માં ગુલશન ગ્રોવરે ફિલોમિના સાથે લગ્ન કર્યાં હતાં. આ લગ્નથી એમને એક પુત્ર છે - સંજય ગ્રોવર. જોકે ૨૦૦૧માં એમના છૂટાછેડા થયા અને પછી ગુલશનને કશિશ સાથે બીજાં લગ્ન કર્યા. જેની સાથે બીજા જ વર્ષે છૂટાછેડા થયા. આજે આ કેસરિયા વિલાયતી એકલો અંગત જીવન જીવી રહ્યો છે, જે જીવનની સચ્ચાઈ છે. ■

અમિતાભ બચ્ચન અને રશ્મિકા મંદાના: આકાશે આંબતી લોકપ્રિયતા

અમિતાભ બચ્ચન. આકાશે આંબતી લોકપ્રિયતા. એકથી દસ નંબર સુધી બીજું કોઇ જ નામ નહીં. હજી થોડા સમય પહેલાં થયેલા એક વ્યાપક સર્વેક્ષણમાં ૧૪.૭ ટકા લોકોએ સાફ શબ્દોમાં કહ્યું છે કે હિન્દી ફિલ્મ જગતમાં અમિતાભ બચ્ચન પહેલા નંબરે છે. અમિતાભ બચ્ચન આજે ૮૩ વર્ષની જૈફ વયે પણ દરરોજ દસ -બાર કલાક કાર્ય કરે છે.

આ સર્વેક્ષણમાં સુપરહીટ ધુરંધર ફિલ્મનો સુપર સ્પાય એટલે કે રણવીર સિંહનોપણ ઉલ્લેખ છે. ૯.૫ ટકા નાગરિકોએ રણવીર સિંહને બીજો નંબર આપ્યો છે. જોકે અમિતાભ બચ્ચનની અને રણવીર સિંહની લોકપ્રિયતાની ટકાવારી વચ્ચે ૫.૨ ટકાનો પ્રમાણમાં મોટો તફાવત છે.

બીજા અને ત્રીજા નંબર વચ્ચે બહુ જ થોડું અંતર છે. રણવીર સિંહ બાદ તામિલનાડુના યુવાન મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયને ૮.૫ ટકા લોકોએ ત્રીજો નંબર આપ્યો છે.

વિજય બાદ ચોથા નંબરે હિન્દી ફિલ્મ જગતના ખિલાડી કુમાર એટલે કે અક્ષય કુમાર છે. અક્ષય કુમારને ૭.૪ ટકા લોકોએ લોકપ્રિયતાની દ્રષ્ટિએ ચોથો નંબર આપ્યો છે. આમ ત્રીજા અને ચોથા નંબર વચ્ચે પણ બહુ ઓછો તફાવત રહ્યો છે. બોલીવુડના ભાઇ સલ્લુમિયાંનો પાંચમો નંબર છે. સલમાન ખાનને ફક્ત ૬.૮ ટક નાગરિકોએ મત આપ્યા છે.

આ સર્વેક્ષણનું ચોંકાવનારું પાસું એ છે કે પહેલા પાંચ સ્થાનમાં શાહ રૂખ ખાનનું નામ જ નથી. બીજું આશ્ચર્ય એ પણ છે કે લોકપ્રિયતાની યાદીમાં બોલીવુડના સ્ટાર્સ વચ્ચે તામિલનાડુના મુખ્ય પ્રધાન સી. વિજયનું નામ છે. સરળ રીતે સમજીએ તો ભારતનાં નાગરિકોને ફિલ્મ જગત સિવાય અન્ય ક્ષેત્રોમાં ક્યાં શું શું થઇ રહ્યું છે તેનો બરાબર ખ્યાલ છે. આ તો થઇ હિન્દી ફિલ્મ જગતના સ્ટાર્સની લોકપ્રિયતાની વાત. ભારતનાં નાગરિકો કઇ અભિનેત્રીને સૌથી વધુ લોકપ્રિય માને છે તેની રસપ્રદ વિગતો પણ જોઇએ.

આ વ્યાપક સર્વેક્ષણ મુજબ રશ્મિકા મંદાના ૧૪.૭ ટકા સાથે ભારતની સૌથી લોકપ્રિય અભિનેત્રી છે. એનિમલ ફિલ્મની સુપર હીટ સફળતા સાથે મોહક હાસ્ય અને હસતી આંખોનો જાદૂ આખા દેશની યુવા પેઢીમાં જબરો છવાઇ ગયો. ત્યારબાદ છાવા ફિલ્મ પણ સફળ થવાથી રશ્મિકા મંદાનાની લોકપ્રિયતાનો ગ્રાફ વધુ ઉંચો ગયો. રશ્મિકાની આવી બેહદ લોકપ્રિયતાથી દીપિકા પાદૂકોણનું સિંહાસન સરકીને બીજા નંબરે ગયું. ફોડ પાડીને કહીએ તો ભારતનાં ૧૧.૨ ટકા નાગરિકોએ દીપિકા પાદૂકોણને લોકપ્રિયતાનો બીજો નંબર આપ્યો છે. લોકપ્રિયતાની આ યાદીમાં ત્રીજો નંબર શ્રદ્ધા કપૂર(૧૦.૮ ટકા), સાઇ પલ્લવી ચોથો નંબર(૧૦.૨ ટકા), આલિયા ભટ્ટ પાંચમો નંબર(૮.૮ ટકા) છે.

યામી ગૌતમ ધર પણ લોકપ્રિયતાની સ્પર્ધામાં છે. યામીને હમણાં જ આર્ટિકલ ૩૭૦ ફિલ્મમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ એનાયત થયો હોવાથી તેને નાગરિકોએ છઠ્ઠો નંબર આપ્યો છે

આ સર્વેક્ષણમાં ઓવર ધ ટોપ(ઓટીટી) માં સૌથી લોકપ્રિય અભિનેતા અને સૌથી લોકપ્રિય અભિનેત્રીનો પણ સમાવેશ છે. ઓટીટી પર રજૂ થયેલી ફિલ્મો એ સિરિઝ પણ સુપરહીટ થઇ છે.

ભારતનાં નાગરિકોએ મનોજ બાજપાઇને ૧૫.૦ ટકા સાથે પહેલા નંબરનું સન્માન આપ્યું છે. આમ પણ મનોજ બાજપાઇ બોલીવુડનો પ્રતિભાશાળી અભિનેતા છે. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (એનએસડી : દિલ્હી)ના આ વિદ્યાર્થીએ તેની અભિનય કારકિર્દીની પહેલી ફિલ્મ બેન્ડિટ ક્વિન(૧૯૯૪) માં ડાકૂ માન સિંહના પાત્રમાં પોતાની અભિનય પ્રતિભાનો પરિચય આપી દીધો હતો. ત્યારબાદ મનોજ બાજપાઇએ સત્યા ફિલ્મ(૧૯૯૮), શૂલ, કૌન, પીંજર, રાજનીતિ, ગેંગ્ઝ ઓફ વાસ્સેપુર, અલીગઢ વગેરે ફિલ્મોમાં યાદગાર પાત્રો ભજવ્યાં છે.

મનોજ બાજપાઇએ હિન્દી ફિલ્મો ઉપરાંત ઓટીટી પ્લેયફોર્મ પર પણ ફેમિલી મેન, ગજબ રાત, સાઇલેન્સ : ૨ : ધ નાઇટ ઓઉલ બાર શૂટઆઉટ, ડિસ્પેચ, ગવર્નર વગેરે ફિલ્મોમાં મજેદાર પાત્રો ભજવ્યાં છે

ઓટીટી પર પંકજ ત્રિપાઠીને ૧૧.૮ ટકા સાથે બીજો નંબર, બોબી દેઓલ ૧૧.૨ ટકા સાથે ત્રીજો નંબર, નવાઝુદ્દીન સિદ્દિકી ૭.૭ ટકા સાથે ચોથો નંબર, વિક્રાંત મેસી ૭.૧ ટકા સાથે પાંચમો નંબર છે.

સાથોસાથ, ઓટીટી પર સૌથી લોકપ્રિય અભિનેત્રી (૧૬.૦ ટકા) નું સન્માન કાજોલને મળ્યું છે. જ્યારે સામન્થા પ્રભુ ૧૪.૫ ટકા સાથે બીજો નંબર, અનન્યા પાંડે ૯.૧ ટકા સાથે ત્રીજો નંબર, માધુરી દિક્ષિત ૫.૯ ટકા સાથે ચોથો નંબર, દિયા મિર્ઝા ૫.૯ ટકા સાથે પાંચમા નંબરે રહી છે.

માધુરી દિક્ષિત ભલે બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી રહી હોય પરંતુ ઓટીટીનાં દર્શકોએ તેને કદાચ ઉમળકાભેર આવકારી નથી. જ્યારે કાજોલને ઓટીટી પર રજૂ થયેલા ધ ટ્રાયલ શો માં દર્શકોનો બહોળો પ્રતિસાદ મળ્યો છે.

બીજીબાજુ નાગરિકોએ ફિલ્મ ગાયક તરીકે અરિજિત સિંહને ૩૦.૭ ટકા સાથે સૌથી લોકપ્રિય ગાયકનું સન્માન આપ્યું છે. જ્યારે શ્રેયા ઘોષાલને ૩૯. ૫ ટકા સાથે સૌથી લોકપ્રિય ગાયિકાનું સન્માન મળ્યું છે. ■

SOCIAL સર્કલ

રણબીર અને યશઃ સુટેડ-બુટેડ રામ-રાવણ

આ જોઈ લો, સુટબુટ ઠઠાડીને મંચ પર દર્શન દઈ રહેલા રામજી અને એમના પડખામાં રાવણ. હૈદરાબાદમાં યોજાયેલી એક પ્રિ-રિલીઝ ઈવેન્ટની આ તસવીર છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ શેર થઈ. યશ આ ફોટોગ્રાફમાં કેટલા સૌમ્ય લાગે છે, જોયું? ઈન ફેક્ટ, યશની કોઈ પણ નોન-ફિલ્મી તસવીર જોઈ લો - કોઈ પર ઈવેન્ટનો ફોટો અથવા કેન્ડિડ શોટ - એ હંમેશા ખૂબ શાંત અને સૌમ્ય દેખાતા હોય છે... પણ ફિલ્મના સેટ પર કેમેરા ઓન થતાં જ એમને કંઈક થઈ જાય છે. એ જુદી જ વ્યક્તિ બની જાય છે - ખૂંખાર, ખતરનાક, ડેડલી. પછી એ 'કેજીએફ' હોય, 'ટોક્સિક' હોય કે આગામી 'રામાયણ'. અમે તો ભવિષ્ય ભાખી શકીએ છીએ કે આ અતિ ખર્ચાળ ઈન્ટરનેશનલ ફિલ્મમાં રાવણનો રોલમાં યશ રણબીરને કાચેકાચો ખાઈ જશે. લોકોને ફિલ્મ જોયા પછી રામ કરતાં રાવણ વધારે યાદ રહેશે. અરવિંદ ત્રિવેદીથી શરૂ કરીને અત્યાર સુધીમાં આપણે જેટલા પણ રાવણો જોયા છે એ તમામ કરતાં યશ વધારે પ્રભાવશાળી સાબિત થાય તોય જરાય નવાઈ નહીં પામવાનું. બસ, હવે ફિલ્મ રિલીઝ થાય એટલી જ વાર છે.

વેલકમ, સૈફ!

***સૈફ અલી ખાને** અત્યાર સુધી ઈન્સ્ટાગ્રામથી દૂર રહ્યો હતો. ઓફિશિયલી, એટલીસ્ટ. ભૂતિયું એકાઉન્ટ ખોલીને એ ઈન્સ્ટા પર ક્યારેક લટાર મારી લેતો હતો તે અલગ વાત થઈ. હવે સૈફે ઈન્સ્ટાગ્રામ પર કાયદેસર એન્ટ્રી મારી છે અને આવતાં વેંત સપાટો બોલાવી દીધો છે. સૈફ આમેય ઉત્તમ મીમ મટીરિયલ છે. એની ડ્રેસ સેન્સ, એની વનલાઈનર્સ વગેરે સરસ હોય છે. સૈફ ઈન્સ્ટાજનોને મજા કરાવશે એ તો નક્કી. જુઓને, પેલી ઘીની બ્રાન્ડને એણે કેટલી પોપ્યુલર બનાવી દીધી છે. બસ, હવે ખાન-કપૂર ફેમિલીમાંથી તૈમૂર ઈન્સ્ટા પર એન્ટ્રી મારે એટલી જ વાર છે.*

પ્રેઝન્ટિંગ અક્ષયકુમાર, ઇન એન્ડ એઝ...

***તો કહો ચાલો,** બોલિવુડનો બાયોપિક-લવર નંબર વન કોણ છે? યેસ, યુ ગેસ્ડ ઈટ રાઈટ - અક્ષયકુમાર. બોલિવુડના કોઈ પણ ખૂણામાં દેશપ્રેમને લગતી ફિલ્મ કે બાયોપિક બની રહી હોય તો અક્ષયને તરત ગંધ આવી જાય છે અને એ ઠેકડો મારીને તે પ્રોજેક્ટમાં ગોઠવાઈ જાય છે. 'કેસરી', 'ગોલ્ડ', 'સરફિરા', 'રુસ્તમ', 'પેડમેન', 'સમ્રાટ પૃથ્વીરાજ'... ખિલાડીકુમાર કેટકેટલી બાયોપિક્સ કરીને બેઠા છે. તેથી જ કોઈએ કલ્પના કરી કે ધારો કે આજકાલ ન્યુઝમાં ખૂબ છવાયેલી રહેતી જેન-ઝી સ્ટુડન્ટ લીડર નેહા બોરાની બાયોપિક બને તો ટાઈટલ રોલ અક્ષયકુમાર જ કરશે! અક્ષયની બાયોપિકની ભૂખ એવી પ્રચંડ છે કે એ હિરોઈનોના રોલ પર સ્વાહા કરી જાય એમ છે. નેહા બોરાના બાયોપિકનું કાલ્પનિક પોસ્ટર જોઈ લો. આપણા નેટિઝન્સનું સેન્સ-ઓફ-હ્યુમર ગજબનું છે, ખરેખર!*

નવું શું છે?

■ 'અક્કા' એક પિરીયડ ક્રાઈમ થ્રિલર સિરીઝ છે. ૧૯૮૦નો સમયગાળો છે, દક્ષિણ ભારતનું એક કાલ્પનિક શહેર છે. અહીં સ્ત્રીઓનું રાજ ચાલે છે. ઘરમાં, સમાજમાં અને ઈવન અપરાધની દુનિયામાં પણ સ્ત્રીઓની બોલબાલા છે. ખરેખર ઈન્ટરેસ્ટિંગ થીમ છે. રાધિકા આપ્ટે અને કીર્તિ સુરેશ આ શોના મુખ્ય ચહેરાઓ છે. 'અક્કા' તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.

■ શું તમે પણ વિજય સેતુપતિના ફેન છો? તો જાણી લો કે એની તમિળ કોમેડી ફિલ્મ 'બાથ્થા'નું સ્ટ્રીમિંગ શરૂ થઈ ચૂક્યું છે. વિજય સેતુપતિ એક ખૂંખાર ગેંગસ્ટર બન્યો છે, જેને એક નાનકડો છોકરો ભૂલથી સ્કૂલના ક્લાસરૂમમાં પૂરી દે છે! આ ફિલ્મ તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.

■ 'ફ્રેન્ડ્ઝ' શોનો જાદુ એવો જબરદસ્ત છે કે નવી પેઢીઓ પણ તેના એપિસોડ્સ રિપીટમાં જુએ છે. છ મિત્રો પૈકીના એક એવા ચેન્ડલર બિન્ગનું અતરંગી કિરદાર મેથ્યુ પેરીએ ભજવ્યું હતું. આ એક્ટરના જીવન પર ત્રણ એપિસોડ્સની એક ડોક્યુસિરીઝ બની છે. ટાઈટલ છે, 'ધ વન અબાઉટ મેથ્યુ પેરી'. તેમાં મેથ્યુની બહેન, મિત્રો અને સહકર્મીઓએ એના વિશે ખૂબ બધી વાતો કરી છે. આ ડોક્યુ સિરીઝ પણ નેટફ્લિક્સ પર જોઈ શકો છે.

■ સારા જેનકિન્સ એક મહત્ત્વાકાંક્ષી રેસ કાર મિકેનિક છે, જે દાન્તે નામના કૌભાંડમાં સપડાયેલા રેસિંગ સ્ટાર સાથે જૂઠમૂઠ સગાઈ કરવાનું નાટક કરે છે. શા માટે? કે જેથી દાન્તેને એની ખોવાયેલી સામાજિક આબરુ પાછી મળે અને અને સારા પોતે રેસિંગ સ્ટાર બની શકે. 'ડ્રાઈવઃ ધ પ્રિટેન્ડર્સ' નામની આ જર્મન રોમેન્ટિક ફિલ્મ ક્યાં જોશો? એમેઝોન પ્રાઈમ વીડિયો પર.

'મારાં સંતાનો સાથે મેળાપ કરાવી દો...'

મા દુર્ગાને સેલિના જેટલીની આજીજી

બંગાળી પ્રજા માટે દુર્ગા પૂજા તેમના જીવનનો સૌથી મોટો લહાવો લેખાય છે. માં દુર્ગા સમક્ષ મનની મુરાદ પૂરી કરવા નતમસ્તક બનતાં બંગાળીઓમાં ઊંચ- નીચ કે ગરીબ- તવંગરના સઘળાં ભેદભાવ ભૂંસાઈ જાય છે.

સેલિના હાલ ઘણી અંગત સમસ્યાઓ સામે ઝઝૂમી રહી છે, પણ પ્રોફેશનલ સ્તરે મજાની વાત એ છે કે એ લાંબા અંતરાલ પછી 'સિસ્ટર નિવેદિતા' ફિલ્મથી સિલ્વર સ્ક્રીન પર કમબેક કરી રહી છે

અભિનેત્રી સેલિના વિક્રમ જેટલી પણ તેમાંથી શી રીતે બાકાત હોઈ શકે? આ વર્ષેની નવરાત્રિમાં બ્યુટી આઈકન સેલિના જેટલીએ માં દુર્ગા સમક્ષ સેલિનાએ પોતાના સંતાનો માગ્યા છે. પીટર હાગ સાથે સંસાર માંડ્યા પછી ઘરેલું હિંસાને પગલે છુટાછેડા લેનાર સેલિના સંખ્યાબંધ અંગત સમસ્યાઓ સામે ઝઝૂમી રહી હોવા છતાં પોતાનું ખમીર દાખવીને સમય- સંજોગો સામે લડી રહી છે.

અદાકારા કહે છે કે હું હવે મારા સમયને, મારા ક્ષમતાઓને, જવાબદારીઓને વધારે સ્પષ્ટતાથી સમજીને નવેસરથી સઘળું ઊભું કરવાનો પ્રયાસ કરી રહી છું. મારા પ્રત્યેક નિર્ણયમાં મારા સંતાનો કેન્દ્ર સ્થાને રહે છે. હું જ્યારે કોઈ સ્ક્રીપ્ટ વાંચું છું ત્યારે સૌથી પહેલાં એમ વિચારું છું કે તે કેટલી અર્થપૂર્ણ બની રહેશે. શું તેમાં મહિલાને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યું છે, શું તે પોતાના નિર્ણયો જાતે લઈ શકે છે, તેની પોતિકી જિંદગી છે કે કેમ.

અત્રે ઉલ્લેખનીય છે કે સેલિના લાંબા અંતરાલ પછી 'સિસ્ટર નિવેદિતા' ફિલ્મથી સિલ્વર સ્ક્રીન પર પરત ફરી રહી છે. આ સિનેમા મૂળભૂત રીતે આયર્લેન્ડની માર્ગરિટ એલિઝાબેથ નોબલની આત્મહત્યા વર્ણવશે. માર્ગરિટે વિવેકાનંદની શિષ્યા બનીન પોતાના માદરેવતનને અલવિદા કરી દીધું હતું અને ભારતમાં આવીને વસી હતી. ભારતમાં તેણે મહિલા સશક્તિકરણ, શિક્ષણ અને રાષ્ટ્ર-નિર્માણ ક્ષેત્રે પ્રશંસનીય કામ કર્યું હતું. સેલિનાને એ વાતની ખુશી છે કે તે એક આઈકોનિક ભૂમિકા સાથે ફિલ્મોમાં પરત કરી રહી છે.

સંઘર્ષરત જીવનના અનુભવોને કારણે પરિપકવ બનેલી સેલિના ફિલ્મોમાં કારકિર્દી બનાવવા ઉત્સુક યુવતીઓને પાનો ચડાવવાનું નથી ચૂકતી. તે કહે છે કે તમને જે ગમે છે તે ચોક્કસપણે કરો. પરંતુ સાવધાન રહીને. જીવન તમારી પાસેથી શું શું માગશે તેની તમને કલ્પના પણ નહીં હોય. તેથી હંમેશાં દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેઝો. મુશ્કેલીઓ આવે તોય તમારી મહત્ત્વકાંક્ષાને વળગી રહેજો. હા, તેની સાથે તમારી સલામતી ન જોખમાય તે જોવાનું પણ ન ચૂકવું. શમણાં જોવા સાથે પોતાની જાતને પોતાના નાણાંને સાચવતાં પણ શીખવું પડશે. તમે જે કોન્ટ્રાક્ટ કરો તે ધ્યાનથી વાંચજો અને કોઈપણ દબાણમાં આવ્યા વિના તે સાઈન કરજો. તમારી ક્ષમતા મુજબનું મહેનતાણું માગવામાં કોઈની સાડીબારી નહીં રાખતા. એવા લોકો સાથે જ કામ કરજો જે તમારી પ્રતિભા ઓળખે અને તમારી સ્વતંત્રતા પર તરાપ ન મારે.

અદાકારા વધુમાં કહે છે કે અન્ય કોઈની વાતોમાં આવીને તમારી જાતને ઓછી ન આંકવી. તમારે તમારું કૌશલ્ય અજવાળતા રહેવું. છેવટે તો તમને એજ ખપ લાગશે. અલબત્ત, રીજેકશનને સહીને પણ વધુને વધુ પ્રયાસો જારી રાખવા પડશે અને સફળતા પચાવતા પણ શીખવું રહ્યું. જરૂરી નથી કે તમને ઉગતી જુવાનીમાં જ બધું મળી જાય. સમયાંતરે બધું મળતું રહેશે.

સેલિના દોઢ દશક સુધી પતિ સાથે વિદેશમાં રહી હતી તોય તેની દુર્ગા પૂજા પ્રત્યેની આસ્થાને ઊની આંચ પણ નહોતી આવી. તે કહે છે કે મા દુર્ગાના આવમન વખતે લોકોનો ઉત્સાહ જોવા જેવો હોય. વિદેશમાં વસતા બંગાળીઓ પણ દુર્ગા પૂજા વખતે ભારતમાં ભેગાં થઈને પરિવાર સાથે આ પર્વ ધામધૂમથી ઉજવે. યુવાનોથી લઈને વયસ્કો સુધ્ધાં તેના પ્રભાવમાં આવી જાય. જોકે હું મારી વાત કરું તો મારા માતા- પિતા નથી રહ્યાં અને મારા સંતાનો મારાથી દૂર છે. આ વાત મને વિચલિત કરે છે. મારા મનમાં એક તરફ દુર્ગા પૂજાનો ઉત્સાહ છે તો બીજી તરફ પોતિકાઓનો વિયોગ. હું માં દુર્ગાને પ્રાર્થના કરું છું કે તેઓ મારી આજીજી સ્વીકારે.

જોકે સેલિના આટલા ટેન્શન વચ્ચે પણ સ્થાનિક વણકરોને રોજીરોટી મળી રહે. એટલા માટે હાથશાળ પર વણેલી સાડી પહેરવાનું પસંદ કરે છે. સાથે સાથે પર્યાવરણની સુરક્ષા પ્રત્યે સાવધાન રહેવાની વિનંતી પણ કરે છે. ■